Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरुकल्पवृक्षः }

शान्तिः स्वान्तरूढा भवति भवतिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्नः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४० श्रावण. आत्म सं. १९. { अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. ... | ૧ | ૬ | સમયોચિત્ત સેવા... ... ... | ૧૭ |
| ૨ | ગુરૂ સ્તુતિ ... ... ... | ૨ | ૭ | આત્મજાગૃતિ ઉપદેશ પદ અનુવાદ | ૨૨ |
| ૩ | અભિનવ વર્ષના ઉદ્દગારો ... | ૨ | ૮ | શ્રી પાર્શ્વજીન દર્શન ભાવના... | ૨૩ |
| ૪ | પંન્યાસજી શ્રી દાનવિજયજીનું ધર્મ સંબંધી ભાષણ... ... | ૮ | ૯ | વર્તમાન સમાચાર... ... ... | ૨૩ |
| ૫ | કીર્તિથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે?... ... ... ... | ૧૫ | ૧૦ | ગ્રંથાવલોકન... ... ... ... | ૨૪ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ ૪ આના

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વી. પી. શરૂ થયા છે.

## અગ્યારમા વર્ષની અપૂર્વ ભેટ.

## શ્રી જયશેખર સૂરિ વિરચિત,

# "શ્રી જંબૂસ્વામિ ચરિત્ર."

## ( ગુર્જર—અનુવાદ. )

આર્હત ધર્મના અનેક આચાર્યોએ મહાત્મા જંબૂસ્વામીના ચરિત્રો લખેલા છે, પરંતુ આ શ્રીજયશેખર સૂરિનો લેખ સર્વમાં ઉત્કૃષ્ટપદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું તે મહાત્માનું ચરિત્ર અતિ રસિક અને સુબોધક બનેલું છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે, તે આ ચારિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, સદાચારનું માહાત્મ્ય, સત્સંગનું બળ, ભાવનાની ભવ્યતા અને વૈરાગ્ય રસની લહરીઓ આ લેખમાં પ્રત્યેક પ્રસંગે ઉછળી આવે છે. કાવ્ય કળાના સમુદ્રનું મથન કરી રત્ન રૂપે પ્રગટ કરેલો આ ગ્રંથ ઉત્તમોત્તમ કાવ્ય ચાતુર્યનો અપ્રતિમ નમુનો છે. મહાત્મા જંબૂસ્વામીના ચારિત્રના પ્રસંગોમાંથી ધર્મ, નીતિ અને વૈરાગ્યના તત્વો ઘણી ચમત્કૃતિથી ભરેલા ઉપજાવી ગ્રંથકારે પોતાની પ્રતિભાનો પ્રભાવ દર્શાવી આપ્યો છે. તે મહાત્માનો પૂર્વ ભવ, કુદ્રતી દેખાવ ઉપરથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય, ગુરૂનો સમાગમ, માતા પિતા, પાસે વ્રત લેવાની આજ્ઞાનો પ્રસંગ, આઠ પત્નીઓનું પાણીગ્રહણ, વાસગ્રહમાં પ્રભવ ચોરનો પ્રસંગ, વૈરાગ્યની પરાકાષ્ટા, ચારિત્રની નિર્મલતા અને વિશ્વોપકારમાં પ્રવૃત્તિ ઇત્યાદિ પ્રસંગોમાં કર્ત્તાએ અદ્ભુત રસ સાથે વિવિધ રસોનો એવો જમાવ કર્યો છે. કે, જે આ મહાત્માના બીજા કોઇ ચારિત્રમાં જોવામાં આવતો નથી. એકંદર જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચારિત્ર લેખ અતિ ઉપયોગી છે. કે જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથની મહત્તાનું અનુમાન સ્વભાવિક થઇ શકે તેવું છે. સર્વ આર્હત સ્ત્રી પુરૂષને વાંચતાં આનંદ સાથે સદ્ધર્મયુક્ત બોધ આપે તેવો છે. આ ચરિત્રનો ગ્રંથ મૂળ અમારા તરફથી છપાયેલ છે તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શુદ્ધ રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સદરહુ ગ્રંથનો બહોળો ફેલાવો થવા, તેમજ અમારા માનવંતા ગ્રાહકો પણ આવા ઉત્તમોત્તમ અપૂર્વ ગ્રંથનો અમુલ્ય લાભ લે તેવા ઇરાદાથી આ વર્ષે ઉકત ગ્રંથ ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે. વળી આવી રીતે નિયમિત એક સરખી રીતે અપૂર્વ ગ્રંથો દરવરસે મોટો ખર્ચ કરી આપવાનું ધોરણ અમારૂંજ છે. જે અમારા કદરદાન ગ્રાહકોને લક્ષ બહાર નથી જેથી વિનંતી છે કે—

કોઇ કોઇ ગ્રાહકો પાસે ગઇ સાલ કે આગલી સાલો કે અથવા તે કરતાં પણ વધારે વર્ષોનું વધતું ઓછું લવાજમ લેણું છે, તેમને તેટલા પુરતા પૈસાનું વી. પી. કરવાનું શરૂ કર્યું છે. જેથી મહેરબાની કરી કોઇ પણ ગ્રાહકે વેલ્યુપેબલ પાછું ફેરવી સભાને નાહક જ્ઞાનખાતામાં નુકશાન કરવું નહિ. કારણકે લવાજમ ગમેત્યારે આપવું પડશે, પરંતુ ભેટની બુકતો સિલિક હશે ત્યાંજ સુધી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत् २४४०, श्रावण. आत्म संवत् १९ [ अंक १ लो.

## वर्षारंभे मांगल्य स्तुतिः

शार्दूलविक्रीडितम्

भावोल्लास विधायिनी सुभविनां या दर्शनात्पूजनात्
पापौघप्रविणाशिनी विदधती ध्यानाच्छुभा भावनाः ।
या श्री कल्पलतेव वांछित महाकामप्रदा प्राणिनां
सा वीरप्रतिमा सदा विजयदा भूयान्नवीनेऽब्दके ॥ १ ॥

### ભાવાર્થ.

ભવી મનુષ્યોને જે દર્શન કરવાથી ભાવોલ્લાસ કરનારી છે. પૂજવાથી પાપોના સમૂહનો નાશ કરનારી છે, ધ્યાન કરવાથી શુભ ભાવનાઓને કરનારી છે અને જે કલ્પલતાની જેમ પ્રાણીઓને વાંછિત એવા મોટા મનોરથોને પૂરનારી છે. તે શ્રી વીર ભગવાનની પ્રતિમા આ નવીન વર્ષમાં સદા વિજય આપનારી થાઓ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरुस्तुति.

गाढोत्पीडक कर्मरोग जनित मौढार्त्तयः प्रोद्भवन्
मिथ्यात्वांध्य विनष्ट बोधनयना लोकाः कुमार्गंगताः ।
यै र्व्याख्यान सुधांजेन सुदृशः स्वस्थीकृताः सत्पथे
तस्मै स्वर्गतये नमोऽस्तु विजयानंदाय सत्सूरये ॥ १ ॥

### ભાવાર્થ.

ગાઢપણે પીડા કરનારા કર્મરૂપી રોગોએ જેમને ભારે પીડા કરેલી છે અને મિથ્યાત્વરૂપ અંધકારથી જેમના બોધરૂપી નેત્રો નાશ પામ્યા છે, એવા કુમાર્ગે ગયેલા લોકોને જેમણે પોતાના વ્યાખ્યાનરૂપી અમૃતના અંજનથી સુદૃષ્ટિવાળા કરી સન્માર્ગની અંદર સ્વસ્થ કરેલા છે, તેવા સ્વર્ગવાસી શ્રી **વિજયાનંદ** સૂરીશ્વરને નમસ્કાર હો. ૧

## શ્રી આત્માનંદ પ્રકાશને આશીર્વાદ.

### સ્ત્રગ્ધરા.

નિત્યે આનંદ વર્ષે અમૃત વચનથી જે સદા વાચકોને,
સ્થાપે સદ્બોધ માર્ગે પ્રવચન રસથી સત્યના શોધકોને;
ટાલે અજ્ઞાન મિથ્યા[1] પ્રજનિત તમને તીવ્ર આપી પ્રકાશો,
**આત્માનંદ પ્રકાશે** સકલ ભુવનમાં સત્ય માર્ગો વિકાશો. ૧

# અભિનવ વર્ષના ઉદ્‌ગારો.

પ્રિયવાચક બંધુ, જે ધર્મે આ જગતમાં પૌદ્‌ગલિક પદાર્થોનું સામ્રાજ્ય તોડી પાડ્યું છે, ક્રૂરતાનું ઝેર ચુસી લીધું છે. દુઃખનો કાંટો બુઠો કર્યો છે, કર્મોના મહાવેગને અટકાવ્યો છે અને પૌદ્‌ગલિક સમૃદ્ધિની પારના આત્મિક આનંદનો અનુભવ કરાવી પ્રાણીમાત્રને દયાની શીતળ છાયામાં મુકયા છે, તેવા આર્હત ધર્મની ઉપાસના કરનારૂં, અને હૃદય, બુદ્ધિ, ઇચ્છા, શ્રોત્ર, ચક્ષુ આદિ સર્વ દ્વારે ઉપદેશરૂપ થઇ રસિકને રસ, બુદ્ધિમાન્‌ને યુક્તિ, નિશ્ચયવાન્‌ને ચારિત્ર, અને નિર્વેદીને વૈરાગ્ય ઈત્યાદિનું સાક્ષાત્ ઉત્તમરૂપે પત્રદ્વારા દર્શન કરાવનારૂં આ તમારૂં પ્રેમી પત્ર આજે શ્રાવકના પવિત્ર વ્રતોની સંખ્યાને સૂચવનારા બારમા વર્ષમાં પ્રવેશ કરે છે. આર્હત ધર્મના તત્વજ્ઞ મહાત્માઓ કે જેઓએ વસ્તુ સ્થિતિનું પૃથક્કરણ કરી આપી

[1] મિથ્યાત્વથી થયેલા અંધકારને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિત્યનો ત્યાગ અને નિત્યનો સ્વીકાર કરવાનો માર્ગ બતાવ્યો છે, આ વિશ્વનો વ્યવહાર કેવો છે, તે સિદ્ધ કરી બતાવી આપણા હૃદયને તેમજ બધી ઇંદ્રિયોને ઊચ્ચગ્રાહી અને ઊચ્ચાભિલાષી કરવા ઉપદેશ આપ્યો છે, તે મહાત્માઓના ઉપદેશને અનુસરી મન ઇંદ્રિયને વિચારવાનો અને સમજવાનો ખોરાક મેં યથા શક્તિ પૂરો પાડયો છે.

પ્રિયવાચક વૃંદ, હજુ મારી આશા અનંત છે. મારા અંતરંગ મનોરથોની સૃષ્ટિ નિરવધિ છે. એ આશા અને એ મનોરથોને લઇનેજ મારી પ્રવૃત્તિ ઘણી વેગવતી છે. આ સંસાર–વ્યવહારના નીચ, અધમ, અને સંકુચિત પ્રદેશની પાર લઇ જઇ ઉત્તમોત્તમ, અનંત અને અગાધ જીવનનો અનુભવ કરવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય, પોતાના નાના મ્હોટા કલહોને, લાંબી ટુંકી આશા અને ઇચ્છાઓને નિરાશા દુઃખ અને રાગદ્વેષના સંકોચોને જેનાથી ભુલી જવાય, અને જેનાથી પોતે કોઈ મહાન્ સ્વતંત્ર, સંપૂર્ણ આનંદમય પદાર્થ છે, એમ સાક્ષાત્ અનુભવાય એવા અધ્યાત્મના ઉચ્ચ વિચારો અને નીતિ તથા વ્યવહાર માર્ગના શુદ્ધ તત્વો પ્રગટ કરવાની જે મારી પ્રતિજ્ઞા છે, તે પ્રતિજ્ઞાનો યથાશક્તિ નિર્વાહ કરવાને માટે મારા લેખકો મને પૂર્ણ સહાય આપવા તત્પર રહે છે, એ મારા ઉદયનું શુભ ચિન્હ છે.

વિશેષ આનંદની વાત એ છે કે, મારા વિદ્વાન્ વાચકો તરફથી અભિનંદનના એવા સંદેશાઓ મારી તરફ આવ્યા કરે છે, કે જે સંદેશાઓ જાણી હું પોતે પણ આત્માનંદને અનુભવું છું. આત્મપ્રશંસાના ભયથી એ સંદેશાઓ પ્રગટ કરવા મને ઉચિત નથી, તથાપિ મારી પ્રશંસા સાંભળી પ્રસન્ન થનારા મારા પ્રેમી ગ્રાહકોની પાસે તે સંદેશાઓનો સંક્ષિપ્ત સાર આપવો એ મને ઉચિત લાગે છે. તે સંદેશાનો સાર આ પ્રમાણે છે. "**આત્માનંદ પ્રકાશ** એ ખરેખર આત્માનંદ પ્રકાશ છે. તેની આનંદમય વાણી હૃદયની ભાવનાઓને વિસ્તારનારી, સંસારના પારનો અનુભવ આપનારી, વ્યવહાર–નીતિનો બોધ કરનારી છતાં વ્યવહારની કુટિલતામાંથી મુક્ત કરી આનંદ અનુભવવાનો માર્ગ બતાવનારી, પ્રાચીન આર્હત ધર્મના ઉચ્ચ આશયોને દર્શાવનારી અને મનુષ્ય જીવન ઉપર અતિ ભવ્ય અસર કરનારી છે. એટલુંજ નહીં પણ તેના વાચકોનું હૃદય મૃદુ અને રસિક થઈ આર્હત ધર્મની યોજનાની અનેક ખૂબીઓ સમજવાને શક્તિમાન્ થાય છે."

પ્રિય વાચક ગણ, આ મારી પ્રશંસાના સંદેશાના શબ્દો સાંભળી તમોને વધારે આનંદ થશે, એમ હું માનું છું. તથાપિ એથી કરીને હું મારા મનમાં ફુલાઇ જતું નથી, કારણ કે, એ બહુ માન મારૂં નથી પણ મારા લેખકોનું છે. જેઓ ઉચ્ચ ભાવનાનું ધોરણ લક્ષમાં રાખી ભિન્ન ભિન્ન રૂચિવાળા મારા વાચકોનું આરાધન કરે છે અને ધર્મના ઉત્તમ વિચારરૂપ સાધનોનો સારો ઉપયોગ કરી મુનિધર્મ અને ગૃહસ્થધર્મનું પ્રરૂપણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગત વર્ષમાં એકંદર બ્યાસી (૮૨) વિષયરૂપ કુસુમોની સુગંધી માળાઓ મારા ગ્રાહકોના ઉર સ્થળ ઉપર મેં આરોપિત કરી છે અને તેથી તેમની ભાવનાના સૌંદર્યને વધાર્યું છે. મારી જ્ઞાનમય પ્રતિમાના ગદ્ય અને પદ્યરૂપ બે અંગો છે, તેમાં ગત વર્ષે મારા પદ્યરૂપ અંગને શૃંગારિત કરવાને મેં બનતો પ્રયત્ન કર્યો છે. પ્રથમ પ્રભુ સ્તુતિ અને ગુરૂ સ્તુતિના પદ્યોથી શુદ્ધ દેવ ગુરૂની ભક્તિ દર્શાવવાનો ઉચ્ચ પ્રસંગ સાધ્યો છે યોધપુરીય આશુકવિ પંડિત **નિત્યાનંદ શાસ્ત્રી**ના હૃદયના સંગીતથી ગુરૂભક્તિની ગર્જના કરવામાં આવી છે.

ગયા વર્ષમાં મારા પરમ પોષક ત્રણ મહાત્મા (મુનિ મહારાજા) એ વિવિધ લેખો આપી મારૂં સારૂં પોષણ કર્યું છે. પ્રથમ અધ્યાત્મ માર્ગના ઉપાસક મહાનુભાવ મુનિરાજ **શ્રી કર્પૂરવિજયજી** એ પોતાના જ્ઞાનામૃતથી મારા આંતર સ્વરૂપ ઉપર આનંદમય સિંચન કરેલું છે. એકંદરે આ મહાત્માના આ વર્ષમાં ૮ લેખો છે. તેઓશ્રીના લેખો સરલ, બોધદાયક અને રૂચીકર છે. આ મહાત્માની આ વર્ષે જો કે મારૂં પોષણ કરવામાં ઓછી પ્રવૃત્તિ છે, તો પણ તેઓની પ્રેમવૃત્તિ મારા ઉપર હોવાથી હવે પછી મને ઉન્નત બનાવવામાં વધારે પ્રયાસ કરશે. મારૂં પોષણ કરવામાં બીજા મહાત્મા મુનિરાજશ્રી **જિનવિજયજી** છે. વર્ષની શરૂઆતમાં પ્રથમ પ્રભુ સ્તુતિની જયઘોષણા તેણે કરી છે. એકંદરે તેઓશ્રીના ૮ લેખો છે. તેઓશ્રીના લેખો હૃદયમાં આનંદ લહેરી પ્રગટ કરી મારા વાંચકોની ઉત્તમ ભાવનાની જાગૃતિ કરનારા છે. આ મહાત્માની આ વર્ષે પ્રથમ પ્રવૃત્તિ છતાં તેઓના લેખોએ મારા વાચકોનું સારૂં આકર્ષણ કર્યું છે. આ મહાત્માની લેખક શૈલી જુસ્સાદાર અને અલંકારિક છે. મને સંપૂર્ણ ખાત્રી છે કે, આ નવિન વર્ષમાં તે મહાત્મા વધારે સારા લેખો આપી મને ઉન્નત બનાવી જૈન સમાજનું વધારે આકર્ષણ કરશે. ગયા વર્ષમાં મારૂં પોષણ કરનાર ત્રીજા મહાત્મા મુનિરાજશ્રી **સદ્ગુણવિજયજી** (જે કે શ્રીમન્મૂલચંદજી મહારાજના પ્રશિષ્ય) છે. તેઓશ્રી ઘણા વખતથી બીજા પત્રોમાં પણ લેખો આપે છે. તેઓની લેખકશૈલી બોધક અને હૃદયની ઉંડી લાગણીથી સમાજની ઉન્નતી જણાવનારી છે. આ મહાત્માના આ વર્ષે એકંદર ૯ લેખો છે. જે નવ લેખોરૂપી પુષ્પમાળા જાણે કે ભારત વર્ષમાં પ્રસરેલા સર્વે ધર્મોનાં સામ્રાજ્ય ભોગવતાં જૈનધર્મમાં કેવા કેવા પુરૂષો કેવી કેવી રીતે ધર્મ પામ્યા છે, તેનું સુચન કરાવનારી, સરલ, ઉપદેશક અને સર્વ વ્યક્તિને રૂચીકર થાય તેવી છે. આ મહાત્માનો મારા ઉપર પૂર્ણ પ્રેમ હોઇ આ નવિન વર્ષમાં મારૂં વધારે પોષણ કરી, પોતાના જ્ઞાનદ્વારા, આર્હત સમાજને અપૂર્વ આત્મિક આનંદ પ્રાપ્ત કરાવશે–સિવાય ૧૧ લેખો (ગદ્ય, પદ્યમાં) આ સભાના સભાસદ ધર્મબંધુ **ફતેચંદ ઝવેરભાઇના** છે. જેણે મારા અંતરંગ સ્વરૂપને સારૂં પોષણ આપી સુશોભિત બનાવ્યું છે. તેઓ ઉછરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયના એક જૈનયુવક હોવા સાથે ધર્મના સારા અભ્યાસી છે. તેઓએ પોતાના (**જૈન ધર્મના** વિદ્વાન) પિતાનો ધર્મ અભ્યાસનો અમુક અંશે વારસો ગ્રહણ કરી, તેનો લાભ મારા વાચકને આપવાની બે વર્ષ થયા કરેલી શરૂઆત પ્રશંસનિય નિવડી છે. આ લેખકનો મારા ઉપર પૂર્ણ પ્રેમ હોઇ મને ઉન્નત બનાવવા તેઓ નાવન વર્ષમાં વધારે પ્રયાસ કરી પોતાની લેખનકળાથી મારા વાચકોને વિવિધ રસવતી પીરસશે એ લેખો મારી ઉત્પાદક સભાના **સેક્રેટરી**ના છે. સિવાય ઘણે ભાગે દરેક અંકોમાં પ્રભુસ્તુતિ, ગુરૂસ્તુતિ અને અધ્યાત્મના પદ્યાત્મક લેખો જીજ્ઞાસુ ઉમેદવારની સંજ્ઞાથી આવેલા જે મારી જન્મદાતા સંસ્થાના સભાસદ સંઘવી **વેલચંદ ધનજી**ના છે. તેઓ ધર્મના જીજ્ઞાસુ અને અભ્યાસી છે. તેઓના પદ્યાત્મક લેખો સરલ, અને સુબોધક હોઇને રૂચીકર થઇ પડયા છે. તેઓ પોતાના પ્રયાસમાં આગળ વધશે એમ મને સંપૂર્ણ ખાત્રી છે.

સિવાય કેટલાક લેખો મુનિ માણેક અને મેતા દુર્લભજી ગુલાબચંદ વગેરેના છે.

ગતવર્ષમાં એ રીતે મારા પ્રેમી લેખકોએ ગદ્ય પદ્યના મને અલંકારો પહેરાવી મારા દ્રવ્ય અને ભાવ સ્વરૂપમાં વિશેષ સૌંદર્ય ઉપજાવ્યું છે. જે નીચે જણાવેલ ટુંક હકીકતથી માલમ પડશે.

**'वंदे वीरम्'** એ આદ્ય પદ્યથી શાસનના પ્રવર્ત્તક વિશ્વોપકારી શ્રીવીર પ્રભુનું સ્તવન કરી મેં મારો સમારંભ શરૂ કર્યો છે. તે પછી **માંગલ્ય સ્તવનો, ગુરૂ સ્તવનો, સપ્તનય સંક્ષિપ્ત સ્વરૂપ, વાર્ષિક ક્ષમાપના,** અને શ્રી **હીરવિજયસૂરિ, સ્વાધ્યાય** વગેરે ચૌદ પદ્યોના ઉપહારથી હૃદયની સંગીત ભાવના પ્રગટ કરી મેં મારા વાચકોની ભાવનાને જાગ્રત કરી છે. શ્રાવક જીવનની ધાર્મિક ઉન્નતિ સિદ્ધ કરવા માટે અને શુદ્ધ વ્યવહારનો માર્ગ દર્શાવવા માટે **વ્યવહાર વિશુદ્ધમાં જીવન પ્રવાહ** અને **સૃષ્ટિના જીવન દૃશ્યો**ના ઉત્તમ વિષયો ચર્ચ્યા છે. માનવ જીવનની મહત્તા સંપાદાન કરવામાં કેવા કેવા સાધનોની અપેક્ષા છે? અને જીવનને ઉચ્ચાભિલાષી કરવામાં કેવી સ્થિતિ મેળવવાની આવશ્યકતા છે? એ સંબંધે **શાસ્ત્રકારોનો સદુપદેશ, વિવિધ સદુપદેશ, મુનિ ઉપદેશની સાર્થકતા, આત્મિક ચતુરંગી અવસ્થાઓ, પ્રેરક બળનો આશ્રય લેવા વિષે વ્યક્તિગત ઉદ્દગારો, કર્મ ફળ ચેતના** અને વિઘ્ન **એજ અંતરાય** કર્મની **ઉદિત અવસ્થા** ઇત્યાદિ ગંભિર વિષયોનો અમૂલ્ય ઉપહાર મેં મારા વાચકોની આગળ ધર્યો છે.

**શ્રીમાન્ ચિદાનંદજી કૃત પદ, સદ્ભાવના એજ સાચી કલ્પલતા, આત્મ ધર્મભાવના, સાત્વિક વૃત્તિનું ઝરણું, સંખ્યાતીત યોગો,** અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીમદ્ આનંદઘનજીના પદનો અનુવાદ,** એ વિષયોથી મેં મારા સુજ્ઞ વાચકોને આર્હત ધર્મની અધ્યાત્મ વિદ્યાનો માર્ગ બતાવી આપ્યો છે. ભારતવર્ષમાં પ્રસરતાં સર્વ ધર્મોના સામ્રાજ્યપદ ઉપર રહેલો આર્હત ધર્મ શી રીતે પ્રાપ્ત થઇ શકે ? અને તે મહાન ધર્મની આરાધના કરવામાં કેવા અધિકારી જોઇએ ? એ સંબંધી વિચારો પ્રકટ કરી મારા પરમ પ્રેમી વાચકોના આસ્તિક હૃદયને સંતોષ આપવાને માટે **શું લજ્જાથી ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે ? ભયથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? વિતર્કથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? માત્સર્યથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? સ્નેહથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? લોભથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? હઠથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? આનથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? વિનયથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ?** અને **શૃંગારથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ?** એ વિષયોના મધુર ભાવમય અલંકારો મેં ધારણ કર્યા છે.

આર્હત ધર્મમાં ચતુર્વિધ ધર્મની અંદર પ્રથમપદે ગણાતો દાન ધર્મ અત્યંત ઉપયોગી અને સર્વ ગુણોનો શિરોરત્ન છે, તે સિદ્ધ કરવાને માટે **દાનવીર રત્નપાળનો** કથાનુયોગનો શબ્દ અને અર્થમાધુર્યથી ભરેલો રસિક વિષય મારા ઉપાસક વાચકોને ભાવના ભરેલી ભેટરૂપે અર્પણ કરી મેં મારા આનંદ પ્રકાશક નામને સાર્થક કરેલ છે. તે સાથે **વિવિધ વચન, વિવિધ વિષય, શ્રી ગુરૂ પ્રદક્ષિણા કુલક, ધર્મ** અને **જીવાનુશાસ્તિ કુલક**ના મધુર વિષયોથી વાચકોના હૃદયનું માધુર્ય વધાર્યું છે. તે સિવાય **હવે જરા આંખ ઉઘાડો, જૈનોની સંખ્યા ઘટવાના કેટલાએક કારણો, વર્ત્તમાન શ્રાવક સંસારમાં કઈ કઇ ખામીઓ છે ? અનાથ વિધવાઓનો ઉદ્ધાર શી રીતે થઇ શકે ? જૈનોની પ્રાચીન-અર્વાચીન સ્થિતિનું દિગ્દર્શન, જૈનોન્નતિ દોષ દર્શન, જૈનોને ઉદયમાં આવતા અંતરાયો,** અને **જૈનોના ઉદયના છ તત્ત્વો** એ વિષયોથી મારા સધર્મી વાચકોના વ્યવહાર માર્ગની શુદ્ધિનું સ્વરૂપ પ્રગટ કરવાની મારી પ્રતિજ્ઞા મેં સાર્થક કરી છે. તે સિવાય તે સંસારના વિકટ માર્ગમાં અથડાવનારા કર્મોનો ત્યાગ કરવામાં જેનો આશ્રય લેવો પડે છે, એવા જ્ઞાનના પ્રકારનું સ્વરૂપ દર્શાવવા માટે જ્ઞાનનો ગહન વિષય સુગમ રીતે સમજાવવા **જ્ઞાનસંવાદનો** એક રસિક વિષય દર્શાવવાનું કર્ત્તવ્ય પણ મેં યથાશક્તિ બજાવ્યું છે. જેમના પવિત્ર નામની સુંદર છાપથી અંકિત થયેલું મારૂં સ્વરૂપ આ ભારતની ભવ્ય ભૂમિ ઉપર પ્રકાશે છે, તે પરમ મહોપકારી મહાનુભાવ સૂરિવર **શ્રી વિજયાનંદસૂરિના** પરિવારના ઉપકારી શુભ કાર્યોના વૃત્તાંતોને અને શ્રેયસાધક સામાજિક સમાચારોને પ્રકાશિત કરી મેં મારૂં ગત વર્ષનું જીવન પૂર્ણ કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય વાચકવર્ગ, આ મારા વાર્ષિક કર્ત્તવ્યને હૃદયારૂઢ કરી વિચારશો તો આપના સમદર્શી અને નિષ્પક્ષપાતી હૃદયને ખાત્રી થશે કે, " ગુરૂભક્તિના ભાવથી ગાજતું આ માસિક પોતાના કર્ત્તવ્યને યથાર્થ રીતે બજાવે છે, અને સર્વ જૈન પ્રજાના પ્રેમનું પાત્ર થવાને તે અધિકારી છે. " આપની એ પ્રતીતિ એજ મને મારા જીવનનું પ્રશસ્તિ પત્ર ( સર્ટીફીકેટ ) થઇ પડશે અને તેજ મને આગળ વધવામાં અતિ ઉત્સાહ પ્રેરશે.

હવે હું બાલ્યવયના છેડા ઉપર અને યુવાવસ્થાના આરંભ ઉપર આવવાને શક્તિમાન્ થયેલ છું, તથાપિ મારા ઉત્કર્ષની રેખા મને પ્રેમથી પોષણ કરનાર મારા વિદ્વાન્ લેખક વર્ગ અને ગ્રાહક વર્ગને આધીન છે, એમ મારે કહેવું જોઇએ. છેવટે મારા બાહ્ય અને આંતર સ્વરૂપને શૃંગારવામાં તન, મન અને ધન અર્પનારા, આર્હત્ ધર્મમાં રહેલી ભાવનાઓને દર્શાવી ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિનો માર્ગ સિદ્ધ કરનારા, જૈન સમાજના બુદ્ધિ વિકાશનો ક્રમ લક્ષમાં રાખી સુવિચારો-ને પ્રગટ કરનારા, ઉચ્ચ શિક્ષણના સંસ્કારો પામી પ્રાચીન અને અર્વાચીન પદ્ધતીને શ્રદ્ધાપૂર્વક સૂક્ષ્મ રીતે અવલોકનારા અને કર્ત્તવ્યની નીતિ ભાવનાને ફલિત કરનારા મારા પોષક લેખકોનો પૂર્ણ આભાર માની અને તેમને અંતરની આશીષ આપી હું આ મારા નવીન વર્ષના મંગલમય લેખને સમાપ્ત કરૂં છું અને નીચેના પદ્યથી શ્રી મંગલ મૂર્ત્તિ મહાવીર પ્રભુનું સ્મરણ કરૂં છું.

देशनावाक् सुधां वर्षन् कर्मतापं च शोषयन् ।
हर्षयन भव्य शिखिनो जीयाद्वीरघनो भुवि ॥ १ ॥

દેશના વાણીરૂપી અમૃતને વર્ષાવતો, કર્મના તાપને શોષી લેતો અને ભવ્ય પ્રાણીરૂપી મયૂરને હર્ષ આપતો શ્રી વીર ભગવાનરૂપી મેઘ પૃથ્વી ઉપર જય પામો.

॥ ॐ ॥

शांतिः शांतिः शांतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સં. ૧૯૬૯ ના પોશ અને માહ માસમાં વડોદરાના મહારાજા શ્રી શયાજીરાવ બહાદૂર પાસે પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે આપેલા શ્રી જૈનધર્મનાં વ્યાખ્યાનો.

**શ્રીમાન્ ગાયકવાડ સરકાર મહારાજા તથા સભ્યજનો !**

આપની ધર્મવિષયક શ્રવણાભિલાષા થવાથી અમો આનંદિત થયા છિયે. અને ગુરૂકૃપાએ મને જે કાંઇ પ્રાપ્ત થયેલું છે, તેમાંથી કાંઇક કહેવા માગું છું. એ વિષયનો વિચાર કરવો, તે તો આપ સત્પુરૂષોને આધીન છે.

## मंगलाचरणम्.

भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ २ ॥

**અર્થ**—સંસારરૂપ બીજના અંકુરાને પેદા કરવાવાળા, રાગદ્વેષાદિક જેમના ક્ષય થયા છે, એવા દેવ કે જે નામથી બ્રહ્મા હોય અથવા વિષ્ણુ હોય, મહાદેવ હોય કે જિનેશ્વર હોય, જે હોય તેમને નમસ્કાર થાઓ. ॥ ૧ ॥

આ દુનિયામાં જીવોને જે કાંઇ સુખદુઃખાદિક પ્રાપ્ત થાય છે, તેનાં કારણો તપાસીશું તો, પૂર્વકૃતકર્મ અથવા ઉત્કટપણે કરેલાં વર્તમાન કર્તવ્યોજ આપણી નજર તળે જોવામાં આવે છે. અને એ વાત અનેક મહાત્માઓ તરફથી ચોક્કસ થઇ ચુકેલી છે છતાં શ્રદ્ધાવિનાના જીવોનાં વર્તન વિપરીત જોવામાં આવે છે જેમકેઃ—

धर्मस्य फलमिच्छन्ति, तं नो कुर्वन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥ २ ॥

**અર્થ**—ધર્મથી સુખ અને પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે એ સર્વ માન્ય સિદ્ધાન્ત છતાં લોકો સુખની ઇચ્છા તો જરૂર કરે છે, પરંતુ ધર્મના વર્તનથી ઘણાજ દૂર રહે છે. દુઃખની ઇચ્છા કરતા નથી ને પાપ કરતાં પાછું વાળીને જોતા પણ નથી; એવા લોકોને સુખની પ્રપ્તિ કયાંથી હોઈ શકે, એ ઘણું વિચારવા જેવું છે. હવે સામાન્યપણે ધર્મનું કારણ વિચારીશું તોઃ—

[1]श्रूयतां धर्मसर्वस्वम्, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनःप्रतिकूलानि, परेषां न समाचरेत् ॥ ३ ॥

१. महाभारत.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સામાન્યપણે ધર્મનો સાર.**

**અર્થ**—મહાત્માના આ વચનથી આપણે વિચારવાનું એજ છે કે-આપણા આત્માને પ્રતિકૂળતાથી જેવું દુઃખ થાય છે તેવું પ્રતિકૂળતાથી બીજા જીવોને પણ દુઃખ અવશ્ય થાય છેજ. અને એ પ્રતિકૂળતાથી આપણે તેમને અવશ્ય બચાવવા. એજ સામાન્યપણે ધર્મનો સાર ગણાય. આ વચનનો વિચાર કરી જોતાં, રાજ્યનીતિ અને સામાન્યનીતિનો અંગીકાર કરીને, એ પ્રમાણે વર્તવાથી ગૃહસ્થોને પણ સારો લાભ થવાનો સંભવ છે. અપરાધી જીવોને ન્યાયપૂર્વક યોગ્ય શિક્ષા કરવી એ નીતિ છે, પણ નિરપરાધી જીવોને ઘાતાદિકથી દુઃખી કરવા એ નીતિ બહાર ગણાવું જોઈએ, તેથી ઘાતાદિક કરનારને તેનું ફળ ભોગવવું પડે.

**કર્યાં કર્મ ભોગવ્યા વિના છુટકો નથી.** રાજા હોય કે રંક હોય પરંતુ તેમાં કોઈનો કશોપણ ઉપાય ચાલે તેમ નથી. જુઓ કેઃ—

[1]जातः सूर्यकुले पिता दशरथः क्षोणिभुजामग्रणीः
सीता सत्यपरायणा प्रणयिनी यस्यानुजो लक्ष्मणः ।
दोर्दण्डेन समो न चास्ति भुवने प्रत्यक्षविष्णुः स्वयम् ।
रामो येन विडम्बितोऽपि विधिनाऽन्यस्मिन् जने का कथा ॥४॥

**અર્થ**—જે મહાત્મા સૂર્યકુલમાં ઉત્પન્ન થયા છે, જેમના પિતા દશરથ છે, અને જે સર્વ રાજાઓમાં અગ્રેસર છે; સત્યમાં તત્પર એવી સીતા જેની સ્ત્રી છે તથા જેના લક્ષ્મણ નાના ભાઈ છે, પોતે પ્રત્યક્ષ વિષ્ણુરૂપ છે, જેની ભુજાના બળ સમાન બીજું કોઈ બળવાન્ નથી એવા રામચન્દ્ર તેમની કર્મ રાજાએ વનવાસાદિક અનેક પ્રકારની વિડમ્બના કરી, તો પછી બીજાઓને માટે તો કહેવુંજ શું ?

આ વાક્યથી પણ એજ વાત સિદ્ધ થાય છે કે કર્યાં કર્મ, આગળ કે પાછળ ભોગવ્યા વિના છુટકો નથી. માટે મહાત્માઓએ આપણને જે જે અનીતિઓથી દૂર રહેવા ફરમાવ્યું છે, તે અનીતિઓથી યોગ્યતાના પ્રમાણમાં આપણે આપણો બચાવ કરવો; એજ આપણા કલ્યાણનો ખરો માર્ગ છે.

**ધર્મના પ્રવર્તક.**

તે માર્ગ તેના પ્રવર્તકોથીજ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રવર્તકોના સ્વરૂપને જાણવાની આવશ્યકતા છે. એ માર્ગના મુખ્ય પ્રવર્તક બે છે. પ્રથમ પ્રવર્તક તે પરમ દેવ તરીકે ઓળખાય છે, અને બીજા તેમના કથનાનુસાર વર્તન કરનારા તથા લોકોને પ્રવૃત્તિ કરાવનાર સાધુના સ્વરૂપથી ઓળખાય છે. માટે દેવ, ગુરૂ, અને તેમનો

---

1 सुभाषितरत्नभांडागार.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથન કરેલો માર્ગ, તે ધર્મ. એધર્મ તે શી વસ્તુ છે, તે આ ત્રણેનું સામાન્યપણે સ્પષ્ટીકરણ કરવાથી જાણવામાં આવી શકશે.

**દેવનું સ્વરૂપ.** દેવ શબ્દનો અર્થ અનેક પ્રકારે કરી શકાય છે. પરંતુ જે પરમતત્ત્વના પ્રકાશકરનાર દેવ, તેજ પરમદેવ છે.

**દેવ પ્રત્યક્ષ નથી માટે શાથી જાણવા?** જેમના વિશ્વાસથી, જેમના વચનોનો સ્વિકાર કરી આ આખી દુનિયા પ્રવૃત્તિ કરી રહી છે તે દેવ કોણ હશે? તેમના વર્તન વિષે તથા તેમના સ્વરૂપ વિષે આપણે કેવા પ્રકારે જાણી શકીએ? કારણ કે તે પરમદેવમાંથી હાલ કોઇ પ્રત્યક્ષ જોવામાં આવતા નથી. ૧૪૪૪ ગ્રંથના કર્ત્તા શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજે લોકતત્વનિર્ણયમાં કહ્યું છે કેઃ—

प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु–रालोक्यते नच हरो न हिरण्यगर्भः
तेषां स्वरूपगुणमागमसम्प्रभावात् ज्ञात्वा विचारयत कोऽत्र परापवादः॥ ५ ॥

**અર્થ**—આ વચનથી સિદ્ધ થાય છે કે ઋષભદેવ, વિષ્ણુ, મહાદેવ બ્રહ્માદિ કોઇ દેવ પ્રત્યક્ષ નથી. માત્ર તેમનું સ્વરૂપ તથા તેમના ગુણ, તેમના તરફથી પ્રવૃત્ત થએલા આગમ શાસ્ત્રોથીજ આપણે જાણી શકીશું. અને આપ્તના અનાપ્તપણાનો વિચાર કરી શકીશું એ વિના બીજું કાંઇ પણ સાધન નથી.

દેવનાં સામાન્ય લક્ષણો કહ્યા પછી નિષ્પક્ષપાતપણે એ સંબંધમાં વિચાર કરવામાં આવશે તો, જરૂર તેનો યોગ્યાયોગ્યનો વિચાર કરી શકાશે. સામાન્યપણે શ્રી જિનમંડણગણિકૃત કુમારપાળ પ્રબંધમાં દેવનાં લક્ષણો નીચે મુજબ કહ્યાં છે.

"अन्नाण, कोह, मय, माण, लोह, माया रइअ अरइअ ।
निद्दा, सोअ अलिया, वयण चोरीया मच्छर भयाई ॥ ६ ॥
पाणिवह पेम कीडा, पसंगहासाय जस्सइईदोसा ।
अठ्ठारस विपणठ्ठा, नमामि देवाहि देवं तं ॥ ७ ॥

**અર્થ**—અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય, ચૌર્ય, મત્સર, ભય, પ્રાણીવધ, પ્રેમ, ક્રીડા, અને પ્રસંગહાસ્ય એ અઢાર દોષ જેના નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું.

**પરમ દેવનાં લક્ષણ.**

[1]न यः शूलं धत्ते नच युवतिमंके समदनाम्
न शार्ङ्गं चक्रं वा न हलमुशलाद्यायुधधरः ।

---

१ लोकतत्त्वनिर्णय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विनिर्मुक्तं क्लेशैः परहितविधावुद्यतधियम्
शरण्यं भूतानां तमृषिमुपयातोऽस्मि शरणम् ॥

**દુષણ રહિત પરમદેવનું શરણું હું અંગીકાર કરૂં છું.**

અર્થ—જે દેવ ત્રિશૂળને ધારણ કરતા નથી, કામવિકારને પેદા કરનારી સ્ત્રી જેની પાસે નથી, શકિતને તથા ચક્રને ધારણ કરતા નથી, તથા જે હલમુશલાદિ શસ્ત્રોને ધારણ કરતા નથી, રાગ દ્વેષ અજ્ઞાન કામવિકારાદિ સર્વ ક્લેશથી રહિત પરજીવોનું હિત કરવામાં ઉદ્યમની બુદ્ધિવાળા અને જગતના જીવોના શરણભૂત ઋષિ, ( સાચા દેવ ) નું શરણું હું અંગીકાર કરૂં છું.

વળી તે દેવ કેવા હોય, તે કહે છે.

त्यक्तस्वार्थः परहितरतः सर्वदा सर्वरूपम्
सर्वाकारं विविधमसमं यो विजानाति विश्वम् ।
ब्रह्मा विष्णुर्भवतु वरदः शंकरो वा हरो वा
यस्याचिंत्यं चरितमसमं भावतस्तं प्रपद्ये ॥

**પરમદેવનું વિશેષ સ્વરૂપ.**

અર્થ—સ્વાર્થનો જેણે ત્યાગ કર્યો છે, પરહિતમાં જે સદા તત્પર છે, સર્વદા સર્વરૂપ, સર્વાકાર ઉત્પાદવ્યય ધ્રુવરૂપ નાના પ્રકારના સ્વરૂપવાળા, જગતને જે સદાકાળ અનન્ય સદૃશપણે જાણે છે તથા જેનું ચરિત્ર અચિંત્ય અને અનન્ય સદૃશ છે એવા દેવ નામથી, બ્રહ્મા હોય, વિષ્ણુ હોય અથવા વર એટલે પ્રધાન જ્ઞાનાદિ, તેના આપવાવાળા વરદ ભગવાન હોય, અથવા શં એટલે સુખ, તેના કરનાર શંકર હોય કે મહાદેવ હોય તેને સાચા ભાવથી પોતાના પરમદેવ કરીને માનું છું.

જગતમાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, બૌધ, જૈમિની, જીનેશ્વર આદિ અનેક દેવો છે તેમાંથી કોઇ એક દેવ સત્યવકતા હોવો જોઇએ. કહ્યું છે કેઃ—

अवश्यमेषां कतमोऽपि सर्ववित् जगद्धितैकांतविशालशासनः ।
स एव मृग्यो मतिसूक्ष्मचक्षुषा विशेषमुक्तैः किमनर्थपंडितैः ॥ ८ ॥

અર્થ—ઉપર કહેલા દેવોમાંથી કોઇ એક સર્વજ્ઞ દેવ, જગતને એકાંત હિતકારી એવા વિશાળ શાસ્ત્રોના કથન કરનારા હોવા જોઇએ. બુદ્ધિરૂપ સૂક્ષ્મ ચક્ષુવડે કરીને આપણે તેમની તપાસ કરવી જોઇએ. બીજા અનર્થ કથન કરનારા અજ્ઞાની પંડિતોનો વિચાર કરવાથી અથવા તેમનાં વચન સાંભળવાથી કે તેમને ઇષ્ટદેવ માનવાથી શું પ્રયોજન છે? અર્થાત્ કંઇપણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એ દેવોમાંથી કયા દેવને સાચા માનવા તેનો વિચાર તમારેજ કરવો જોઈએ કહ્યું છે કે—

[1]अमी गुणाश्च दोषाश्च कं सामस्त्येन भेजिरे ॥
जिनं तदितरं वाऽपि स्वयमेव विचिन्त्यताम् ॥

અર્થ—સ્વાર્થ ત્યાગ, પરોપકારાદિ પૂર્વે કહેલા ગુણ તથા ક્રોધ, માન, માયાદિ દૂષણો ભેગાં થઈને કોને વિષે રહે છે? જિનેશ્વર ભગવાનમાં કે બીજા દેવોમાં? તેનો વિચાર પોતે પોતાની મેળેજ કરવો.

આ વિષય સંબંધે હવે વિશેષ કહેવાનું કાંઈ પ્રયોજન નથી. માત્ર સાર એ છે કે–સાંસારિક પદાર્થોમાં જે આસક્તિ થાય છે તેનાથી તે મહાપુરૂષો વિપરીત લક્ષણવાળાજ હોય છે. તે દેવનું સ્વરૂપ છે. હવે ગુરૂ સ્વરૂપ કહેવામાં આવે છે.

## अथ गुरुलक्षणम्

[2]त्यक्तदाराः सदाचारा मुक्तभोगा जितेन्द्रियाः
जायंते गुरवो लोके सर्वभूताभयप्रदाः ॥ १ ॥
धर्मज्ञो धर्मकर्त्ता च धर्ममार्ग प्रवर्तकः ॥
सत्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥ २ ॥

અર્થ—સદાચારી, સ્ત્રી તથા ભોગનો ત્યાગ કરનાર, જિતેન્દ્રિય તથા પ્રાણી માત્રને અભય આપનાર લોકમાં ગુરૂ ગણાય છે. તથા ધર્મના જાણકાર, ધર્મના કરનાર, ધર્મમાર્ગમાં પ્રવર્તાવનાર, અને જીવોની આગળ ધર્મશાસ્ત્રનું નિરૂપણ કરનાર ગુરૂ કહેવાય છે. ૨

આત્મહિત ઇચ્છનારે આવાજ ગુરૂની સેવા કરવી. આવા ગુરૂ હોય તેજ સંસાર સમુદ્રનો પાર પામવા તથા પમાડવા સમર્થ થાય છે. નામમાત્રે કરીને કુળક્રમથી આવેલો કોઇ કોઇનો ગુરૂ થતો નથી. વળી સ્વાર્થમાં તત્પર તો ઘેર ઘેર જોવામાં આવે છે. પણ પરોપકારી પંડિતો વિરલાજ હોય છે. કહ્યું છે કેઃ—

वाङ्मात्रसाराः परमार्थशून्या न दुर्लभाश्चित्रकथा मनुष्याः ।
ते दुर्लभा ये जगतो हिताय, धर्मे स्थिता धर्ममुदाहरंति ॥ ३ ॥

અર્થઃ—માત્ર બોલવામાંજ સારા પણ પરમાર્થથી રહિત એવા ચિત્રકારી, વિકથાઓ કહેનારા મનુષ્યો દુર્લભ નથી. પણ ધર્મમાં સ્થિર રહીને જગતના હિતને અર્થે ધર્મનું કથન કરનારા સત્પુરૂષો દુર્લભ છે. ૩

१ लोकतत्त्व निर्णय. २ कुमारपाळ प्रबंध.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जीवोयं विमलस्वभावसुभगः सूर्योपलस्पर्द्धया ।
धत्ते संगवशादनेकविकृतिं लुप्तात्मरूपस्थितिः ॥
यद्याप्नोति रवेरिवेह सुगुरोः सत्पादसेवाश्रयम् ।
तज्जातोर्जिततेजसैव कुरुते कर्मेन्धनं भस्मसात् ॥ ४ ॥

સદ્‌ગુરૂનો સંબંધ કરવાનું પ્રયોજન એ છે કે સોબતની અસર થયા વિના રહેતી નથી.

**સદ્‌ગુરૂની સોબત કરવાની જરૂર.**

ભાવાર્થ—જીવ સૂર્યકાંત મણિના જેવો નિર્મળ અને સ્વભાવે સુંદર છે, પરંતુ પાંચવર્ણની સંગતથીજેમ સૂર્યકાંત મણિ નાના પ્રકારના સ્વરૂપ ધારણ કરે છે. તેની પેઠે જીવ પણ કર્મના સંબંધને લઇને નાના પ્રકારની ગતિને ધારણ કરે છે. તેથી પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની સ્થિતિનો લોપ કરેલો છે. પરંતુ સૂર્યનો સંબંધ થતાં સૂર્યકાંતમણિ જેમ ઉત્કટ તેજવાળો થઇને સંબંધમાં આવેલી વસ્તુઓને બાળી ભસ્મ કરી સ્વરૂપને પ્રકાશે છે, તેવી રીતે સુગુરૂના શરણનો આશ્રય પ્રાપ્ત થવાથી જીવપણ સંબંધિત કર્મોનો નાશ કરીને પોતાના સ્વરૂપને પ્રકાશિત કરે છે.

હવે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવે છે.

## अथ धर्मस्वरुपम् ।

*धम्मं जणो विमग्गइ । मग्गंतो विअनयाणइ विसेसं ॥
धम्मो जिणेहिं भणिओ । जत्थ दया सव्वजीवेसु ॥ १ ॥

અર્થ:—માણસ ધર્મની શોધ કરે છે. શોધ કરતાં છતાં પણ, વિશેષે કરીને જીનેશ્વર ભગવાને કથન કરેલો, કે જેમાં સર્વ જીવોને વિષે દયા રાખવાનું કથન કરેલ છે તે ધર્મને જાણતો નથી. ૧

વળી તે ધર્મ કેવો છે તે કહે છે:—

[1]तिन्नि सया तेसट्ठा । दंसण भेया परुप्पर विरुद्धा ॥
नय दूसंति अहिंसं । तं गिण्ह जत्थ सा सयला ॥ २ ॥

**સર્વ મતવાળા અહિંસા ધર્મને માને છે.**

અર્થ:—પરસ્પર વિરોધી ત્રણસોને ત્રેસઠ મતવાળા, જેમાં સર્વ જીવોની દયા રહી છે એવા અહિંસા ધર્મને ગ્રહણ કરે છે. પરંતુ દૂષણ દેતા નથી. ૨

**अहिंसा परमो धर्म** કહ્યો છે તે પરીક્ષા કરી અંગીકાર કરવો; કહ્યું છે કે,

* कुमारपाळ प्रबंध. १ આનું સ્વરૂપ સૂત્રકૃતાંગથી જોવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]लहंति सुंदरंतिअ सव्वो घोसेइ अप्पणो पाणियं ॥
कणएणव्व धितव्वं । सुंदरं परिखियं काउं ॥ ३ ॥

**પરીક્ષા કરી ધર્મ અંગીકાર કરવો.**

અર્થઃ—સર્વ મતવાળાઓ પોતપોતાના ધર્મને શ્રેષ્ઠ છે, સારો છે, એમ કહે છે. પરંતુ સુવર્ણ માફક પરીક્ષા કરીને સારો હોય તેજ ગ્રહણ કરવો. ૩.

સુવર્ણની પેઠે ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી તે બતાવે છેઃ—

यथा चतुर्भिः कनकं परीक्ष्यते । निघर्षणच्छेदनतापताडनैः ॥
तथैव धर्मो विदुषा परीक्ष्यते श्रुतेन शीलेन तपोदयागुणैः ॥ ४ ॥

અર્થઃ—જગતમાં ધર્મ એવા શબ્દો તો બહુ સંભળાય છે પણ જેમ સુવર્ણની પરીક્ષા કરવામાં આવે છે તેમ પરીક્ષા કરવી. જેમ સુવર્ણને કસોટી ઉપર ઘસીને, કાનસ મુકીને, તપાવીને તથા ખખડાવીને ચાર પ્રકારે પરીક્ષા કરવામાં આવે છે, તેમ ધર્મની શાસ્ત્રથી, શીલથી, તપથી અને દયાથી પરીક્ષા કરી ગ્રહણ કરવો.

દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ કિંચિત્ માત્ર કહેવાનું પ્રયોજન એ છે કે જેના ઉપર વિશ્વાસ કરવો હોય તેનું સ્વરૂપ, તેના ગુણ તથા વર્તન તરફ અવશ્ય ખ્યાલ કરવાની જરૂર છે. ખ્યાલ કરતાં તે ઉત્તમ છે એમ લાગે તો તે વસ્તુ તરફ આપણું વલણ થાય છે અને તેના વચન ઉપર વિશ્વાસ રાખી શકાય છે. વિશ્વાસ રાખી મહા પુરૂષોના કથનાનુસાર તે માર્ગને અંગીકાર કરવાથી આપણું શ્રેય અવશ્ય થાય છે. એટલાજ માટે ધર્મના મુખ્ય પ્રવર્ત્તકો પરમ દેવના સ્વરૂપથી ઓળખાય છે. અને તેમના કથાનાનુસાર સ્વરૂપને જાણવાથી તેમના ધર્મતત્વોનો બોધ થઇ શકે છે, તથા તે ઉપરથી બુદ્ધિમાન પુરૂષો ઘણો સારો વિચાર કરી શકે છે, જો કે અનેક પંથના અનેક ગ્રંથો એકેક પક્ષના આશયથી રચાએલા હોવાથી બુદ્ધિમાનોને સંતોષ મળી શકતો નથી, પણ સત્પુરૂષોના મુખથી નિકળેલી નિષ્પક્ષપાત વાણી શ્રોતાજનોના મનને ઘણોજ સંતોષ આપનારી થઇ શકે છે, એમ હું મારા ટુંકા અનુભવથી કહી શકું છું, પરંતુ તેવા મતવાળા પુરૂષોનો વિશેષ પરિચય અને તેમના તરફનું શ્રવણ મનનાદિ અધિક થયા વિના એકદમ તેવો અનુભવ થવો અતિ દુર્ઘટ સમજું છું, આટલું સામાન્ય માત્ર કહીને આ વિષયની સમાપ્તિ કરૂં છું. **इत्यलं विस्तरेण.**

અપૂર્ણ.

---

૧ कुमारपाल प्रबंध

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

॥ श्रीउपाध्यायाय नमः ॥

## શ્રીમાન્ ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી માહારાજના વ્યાખ્યાનાન્તર ગત ગવાએલ ગૂહળી.

( શ્રી સુપાસજીન વંદીએ—એ ચાલ )

**શ્રી વીર વિજયગુરૂ** રાયને, વંદન કરવાને કાજ; લલના !
ચાલો જઇએ ઊપાશ્રયે, ચરણ નમીએ ભવિ આજ. લલના ! ॥ શ્રી ॥
**પાઠક પદ** ધારક ભલા, પચવીશ ગુણે સંયુત; લલના !
અંગ ઉપાંગ ત્રેવીશ છે, ચરણ કમળ દ્વિક જુત. લલના ॥ શ્રી ॥
**આ ભાવનગરમાં** પધારીયા, **ગણીદાન વિજય** છે સાથ લલના
આદિ મુનિયુત સોહતા, જે છે શિવ મારગનો સંગાથ લલના ! ॥ શ્રી ॥
દેશના અમૃત રસ સમી,વરસે જયું મેઘ અસાડી લલના
સૂકત જિનાગમ સિંચતા, અજ્ઞાન તિમિર દે. નસાડી. લલના ? ॥ શ્રી ॥
જીવ અજીવ આદિ તત્વના, ભાવ જણાવે જે સાચ; લલના!
નય અરૂ ભંગ નિક્ષેપથી, પ્રમાણ ઉપેત જસ વાચ. લલના ॥ શ્રી ॥
જેથી વિષમતા વિષમ સમયતણી, હોશે નષ્ટ અને જાશે ભ્રાન્તિ; લલના !
સદ્ગુરૂ વાણીના શ્રવણથી, થાશે આનંદ અને વળી શાન્તિ, લલના ! ॥ શ્રી ॥
ધન્ય દિવસ આજ માહરો, ગુરૂ દર્શથી દુરિતનું ચૂર્ણ; લલના !
શ્રી **આત્માનંદ** સમાજના, ઇચ્છિત સકલ થયાં પૂર્ણ. લલના ॥ શ્રી ॥

( જિજ્ઞાસુ ઉમેદવાર )

## कीर्त्तिविषयेऽपि धर्मः

## કીર્ત્તિથી શું ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે?

લેખક—મુનિ મણિવિજયજી, મુ. લુણાવાડા.

( પુષ્પ ૧૧ મું. )

**કીર્ત્તિ**—ઉત્તમ કીર્ત્તિ એટલે યશ; જેમકે કોઇ માણસ યશોગાન કરે, એટલે ગુણનું કીર્ત્તન કરે, તેનું શ્રવણ કરવું, તે કીર્ત્તિ કહેવાય છે.

જે માણસ કીર્ત્તિને માટે દાન કરે છે તે સ્વલ્પ ફળને આપનારૂં છે. કીર્ત્તિદાન ઇહલોકને વિષે કેવલ કિર્ત્તિજ આપે છે અને જો અનુકંપા સહિત કીર્તિદાન કરેલું હોય તો સ્વલ્પ ભોગાદિકને આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમકે વિક્રમરાજા તથા ભોજરાજાયે આપેલું કાર્ત્તિદાન મુક્તિના હેતુભૂત થયું નહિ. વિક્રમ તથા ભોજરાજાયે અતુલ્યદાન કિર્ત્તિને વિષે આપેલું છે, તેને કુમારપાલ પ્રબંધ તથા વિક્રમચરિત્ર તથા પંચદંડ કથા તેમજ ઉપદેશ તરંગિણીને વિષે વિસ્તારથી શાસ્ત્રકારોયે વર્ણવેલ છે.

એવી રીતે કીર્ત્તિજન્ય દાન અપુન્યનો હેતુભૂત છે તો પણ કોઇ કોઇ જીવોને આભીરોના પેઠે ધર્મના હેતુભૂત થાય છે.

## दृष्टांतो यथा.

પ્રાંત નામના ગામને વિષે એકદા પ્રસ્તાવે સાધુઓ ગયા. તે સમયે તેમના પાસે આભીરો નિરંતર ધર્મ શ્રવણ કરવા લાગ્યા. વ્યાખ્યાનમાં સાધુઓએ દેવલોકનું વર્ણન કર્યું, તેથી આભીરો કહેવા લાગ્યા કે, દેવલોકના સુખ કેવી રીતે મળી શકે ? ત્યારે સાધુઓએ કહ્યું કે ધર્મકરણી કરવાથી, તેથી આભીરો પણ દેવલોક મેળવવાની ઇચ્છાથી ધર્મ કરવા લાગ્યા. અન્યદા પ્રસ્તાવે દ્વારિકા નગરીના સમાન રિદ્ધિવાળા નગરને વિષે ઇંદ્રમહોત્સવ હોવાથી કાર્ય પ્રસંગે ગયા. ત્યાં નગરના નર નારીને વિવિધ પ્રકારના વસ્ત્રાભૂષણોથી સુશોભિત થઇ ક્રીડા કરતા દેખી, આભીરો અરસપરસ વિચાર કરવા લાગ્યા કે સાધુઓએ જે દેવલોકનું વર્ણન કર્યું, તે દેવલોક આજ છે.

ત્યારબાદ પોતાના નગરને વિષે આવી સાધુઓને કહેવા લાગ્યા કે, આપે જે દેવલોકનું વર્ણન કર્યું તે અમોએ પ્રત્યક્ષ નજરોનજર દીઠું.

ત્યારે સાધુઓ કહેવા લાગ્યા કે, તે દેવલોક નથી. દેવલોકને વિષે તો તમોએ દેખ્યું તેના કરતાં અનંતગણું સુખ છે. આ દેહથી દેવલોક જોઇ શકાય નહિ.

તે સાંભળી આભીરોએ ઉત્તમ પ્રકારની કીર્ત્તિ મેળવવા તથા દેવલોકના સ્વરૂપને અંગીકાર કરવાની ઇચ્છાથી વિસ્મય પામી સ્વર્ગ તથા અપવર્ગ આપવાવાળું વ્રત અંગીકાર કર્યું.

આવી રીતે કીર્ત્તિની અભિલાષા માટે પણ કરેલો ધર્મ ફળદાયક થયો તો જે પ્રાણી કીર્ત્તિની ઇચ્છાને છોડી ધર્મ કરણી કરે તો ઉત્તમ ગતિ પામે તેને વિષે આશ્ચર્ય નથી.

**इति कीर्त्ति विषये आजीर संबंध संपूर्ण.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયોચિત સેવા.

જે અનેક કર્ત્તવ્ય માર્ગો માનવજાતિને માટે નિર્માણ થયેલા છે અને જે તેની ઉન્નતિને માટે નિશ્ચય સાધનભૂત છે એ માર્ગો તે સત્શાસ્ત્રાનુસાર બુદ્ધિને હૃદયમાં સ્થાન આપી શોધવા જોઇએ અને એ રસ્તે પ્રયાણ કરી ઇષ્ટ સ્થાનકે પહોંચવા પ્રયત્ન કરવામાં આવે તો જે શ્રેય લાંબા કાળે પ્રાપ્ત થવાનું હોય છે તે અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકાય. પ્રત્યેક વિચારક મનુષ્ય સુખને ચાહે છે એ તો નિર્વિવાદ છે; પરંતુ એ સુખને પ્રાપ્ત કરવાના માર્ગમાં પોતેજ પ્રતિકૂળ સ્થિતિઓ ઉત્પન્ન કરેલી હોય છે, જેથી એ સુખ તો દૂર રહ્યું પરંતુ વર્ત્તમાન સ્થિતિની સપાટીપરથી પણ ઉતરી જાય છે. પ્રત્યેક પળે કોઈ પણ વ્યક્તિ–ગમે તેવા દુઃખસાગરમાં ડૂબતી પોતાને માનતી હોય છતાં–તેને માટે સુખ પ્રાપ્તિના સાધનો તૈયારજ છે; પરંતુ તેનો સૂક્ષ્મ સ્વરૂપમાં વિચાર કરી અનુકૂળ પ્રસંગોમાં યોજવામાં આવે તોજ તે કાંઇ પણ ફળ ઉત્પન્ન કરાવી આપે છે, અન્યથા પ્રાપ્ત સંયોગો અને સાધનો નિષ્ફળ નિવડતાં આવેલી બાજી હારી જાય છે, જેથી એ મનુષ્યની ઉન્નતિ નહીં થતાં અવનતિ રચાય છે, અને એ દ્વારા તે પાશવ જીવન ગાળે છે.

મનુષ્યના આચારો તેના વિચારો ઉપર મુખ્યત્વે કરીને આધાર રાખે છે, આમ હોઇ વિચારની સદોષતા કે નિર્દોષતા ઉપર આચારની યોગ્યતા લટકી રહેલી છે. વિચારક મનુષ્યે જે કર્ત્તવ્યક્ષેત્ર પોતાને માટે આ જન્મમાં નિર્માણ કરેલું હોય તેટલા દૃષ્ટિબિંદુમાં તે કર્ત્તવ્યની વિચારણા–ઉહાપોહ કરી ચોક્કસ પ્રકારના સિદ્ધાંત ઉપર આવવું જોઇએ, અને પછીથી તે કર્ત્તવ્યક્ષેત્રમાં મુકાવું જોઇએ. આમ કરવાનું ખાસ કારણ એ છે કે પોતાની આત્મશક્તિ તપાસી તે પ્રમાણે કર્ત્તવ્યોની મર્યાદા કરવી જોઇએ. જો શક્તિ ઉપરાંત કરવામાં આવે તો નિરાશા અને ખેદ ઉત્પન્ન થઇ પ્રતિકૂળ સંયોગોને અવકાશ મળે છે, અને સ્વશક્તિથી ન્યૂન મર્યાદામાં જ રહેવાય તો ફળની અપૂર્ણતા રહે છે, આથી વિચારો એ આચારનું અનંતર–ઘણું જ નજીકનું કારણ છે, અને તે સત્સંગ, ઉત્તમ વાતાવરણવાળું ક્ષેત્ર અને ધર્મ વિષયક પુસ્તકો વિગેરેદ્વારા ઉત્પન્ન થવા યોગ્ય છે.

અત્ર પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે કે કર્તવ્ય ક્ષેત્ર મનુષ્ય માટે કેટલું છે? આનો ઉત્તર સત્શાસ્ત્ર આપતાં કહે છે કે મનુષ્યોને માટે અસંખ્ય કર્તવ્યો રહેલાં છે. પોતપોતાની શ્રદ્ધા, સ્થિતિ, સંયોગો અને સાનુકૂળતા તપાસી જેટલા બની શકે તેટલા ગ્રહણ કરવા અને તેને દરરોજ ઉંચા સ્વરૂપમાં મૂકતા જવા એ તેની આવશ્યક ફરજ છે; પ્રતિકૂળ પ્રસંગો–વિઘ્નો સામે તૈયારજ છે છતાં આરંભેલી પરિસ્થિતિને વચ્ચેથી ત્રુટિત કરી દેવી અથવા ઓછા વેગવાળી કરવી એ કોઇ પણ રીતે ઉચિત નથી.છેવટ મોક્ષની પ્રાપ્તિ પર્યંત એ કર્તવ્યોની શ્રેણી વિસ્તૃત કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આથીજ શ્રી જિનેશ્વરે અસંખ્ય યોગો નિવેદન કરેલાં છે તેનો જો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો–જે મનુષ્યને સર્વજ્ઞ શાસન જોઇ તત્ત્વનું પરિણમન થયેલું હોય છે અને તેથી મુક્તિની અભિલાષા હૃદયમાં જાગૃત હોય છે–તે એક ક્ષણ માત્ર પણ એ કર્તવ્યથી વિરકત થાય નહિ, પરંતુ એ કર્તવ્યનું આનંદથી પાલન કરી તે ક્ષેત્રનું પ્રમાણ નિત્ય વધારતો જાય.

અનેક કર્તવ્યો અનેક દૃષ્ટિએ વિચારી શકાય છે અને તેને આચારમાં પણ અનેક પ્રકારે મૂકી શકાય છે. અનેક કર્તવ્યોનો સમાવેશ એક કર્તવ્યમાં પણ થઇ શકે છે. એવા અનેક કર્તવ્યો પૈકી ' સેવા ' એ એવું કર્તવ્ય છે કે તેને બરાબર વિચારી તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય તો એ સેવા–એકજ કર્તવ્ય મનુષ્યોને મુક્તિની સમીપ લાવી મૂકે. આ સેવામાં શું સ્વાર્થના વિષમય અંશો સમાયેલા છે? શું કીર્તિની અભિલાષાનો વેગ એ સેવામાં વહે છે? શું એ સેવા અભિમાનના ઉચ્ચ શિખર ઉપર દેખાય છે? અથવા એ સેવાને કર્તવ્યરૂપે આચારમાં મૂકનાર મનુષ્ય સાધારણ મનુષ્યોના જેવો પામર અને નિર્બળ હોય છે? નહિ, નહિ; એ સેવા અને તેના અંગોને યથાશકિત વિચારી તેનો અમલ કઇ રીતે વિસ્તાર પામતો જાય તેનાજ સાધ્યમાં તેનું દૃષ્ટિ બિંદુ હોય છે અને એ દૃષ્ટિને હૃદયમાં સ્થાન આપી નાની નાની સેવાઓથી પોતાનું જીવન આરંભી પછીથી વિશ્વસેવામાં તેનું પરિણમન કરે છે.

મનુષ્યના શરીર, મન, અને આત્મા પ્રાયઃ અન્ય નિમિત્તોને પ્રાપ્ત કરીને વિકાસ પામે છે; જેમ જેમ પોતાનું આત્મસમર્પણ બીજા સંયોગો તરફ થતું જાય છે, તેમ તેમ એ મનુષ્ય સેવાના માર્ગમાં આગળ વધે છે. વડીલ જનો તરફ પૂજ્ય બુદ્ધિ, સમોવડીઆ તરફ સમાન ભાવ, ગુણીજનો તરફ પક્ષપાત અને દુઃખી જનો તરફ અનુકંપા એ આ વિશ્વના પ્રાણીઓની સેવા છે. અધિકારી, અધિકાર અને પાત્રતા પ્રમાણે જુદી જુદી રીતે સેવા બજાવી આત્મધર્મની પુષ્ટિ કરવી, એ સેવાનું વાસ્તવિક રહસ્ય છે.

સેવા શબ્દનો તલસ્પર્શી અર્થ 'ત્યાગ' છે; જેમ જેમ આપણે આત્મસમર્પણ પ્રત્યેક વ્યકિતના સંબંધમાં બની શકે તેવી રીતે કરતા જઇએ તેમ તેમ તેમની વિશિષ્ટ પ્રકારે આપણે સેવા કરેલી છે એમ કહેવાય. એક કુટુંબના પોષણ માટે દ્રવ્ય ઉપાર્જન કરવું એ કાંઇ ત્યાગ નથી. પરંતુ કોઇ પણ પ્રકારના ઉપકારના બદલા સિવાય માત્ર હિતવૃત્તિથીજ પ્રવૃત્તિ કરવી એજ વાસ્તવિક ત્યાગ છે–એજ ખરેખરી સેવા છે.

સેવાના અનેક અંગોમાં પિતૃજનસેવા અગ્રપદ ધરાવે છે. આ સેવામાં માતા પિતા અને વડીલોનો સમાવેશ થાય છે. સૌથી પ્રથમ માતા–પિતા પૂજ્ય·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણું-સેવ્યપણું ઉત્પન્ન થવાના નિમિત્તભૂત છે--સેવા એ શું છે તેનું પ્રાથમિક શિક્ષણ મળવાના તેઓ નિમિત્તભૂત છે—વ્યવહારમાં સૌથી પહેલા તેમની સેવા કરવાનો વખત આવી પહોંચે છે. એઓજ દુનિયામાં આ નવા આવેલા પ્રાણીને ગુરૂની પાસે અધ્યયન માટે મોકલે છે અને એ રીતે આડકતરી રીતે ગુરૂ સેવાનો પ્રસંગ પ્રાપ્ત કરાવી આપે છે. પોતાની આસપાસના કુટુંબની સેવામાંથી બીજા પ્રાણીઓની સેવા વિસ્તૃત થતી જાય છે એમ એક વિદ્વાન્ કહે છે તે એક ઉમદા પ્રકારનું સત્ય લેખી શકાશે. કોઇ પણ સ્વજન સંબંધી કે મિત્રની શારીરિક માનસિક, કે આર્થિક સ્થિતિ સારી ન હોય તેમને તે તે સ્થિતિમાંથી ઉદ્ધાર કરી તેમને ઉન્નત કરવા એ તેમની સેવાનું શું સાત્વિક સ્વરૂપ નથી?

ગુરૂસેવા સેવાનું દ્વિતીય અંગ છે. નિઃસ્વાર્થપણે ધર્મોપદેશ દેનારા અને આધ્યાત્મિક અમૂલ્ય રહસ્યો સમજાવી આપણો ઉદ્ધાર કરનારા ગુરૂઓ વાસ્તવિક ગુરૂપદને યોગ્ય છે. તેમની સેવા એ તેમના ઉપકારની એક પ્રકારની કદર છે. **गुरुजणपूआ** એ પદ વારંવાર મનન કરવા યોગ્ય એટલા માટે છે કે ગુરૂ સર્વ તત્વોને હસ્તામલકવત્ બનાવે છે; જેથી તેમના પ્રસંગમાં આવનારા પ્રાણીઓ હું કોણ છું.? મારે શું કરવા યોગ્ય છે? વિગેરે વિચારે છે અને તેમનો નિર્દિષ્ટ માર્ગ પકડે છે. આમ હોઈ આ ગુરૂ સેવાથી આત્મગુણનો નિરંતર વિકાસ થતો જાય છે. ક્રિયા પ્રતિક્રિયાના નિયમાનુસાર ગુરૂજનો પણ ત્યાગ-સેવા ધર્મને અનુસરી પ્રાણીઓ ઉપર ઉપકારક વચન-પુષ્પોને વેરતા હોય છે. તેની સામે આપણે પણ ત્યાગ-ધર્મ સેવવાની તેટલીજ આવશ્યકતા ઉભી થાય છે. આ રીતે પરસ્પર ત્યાગ-આત્મ સમર્પણ રૂપ સંબંધ આત્માના વિકાસ ક્રમમાં મળી જઈ અપૂર્વ રહસ્ય પ્રકટ કરાવે છે.

સેવાનું તૃતીય અંગ શાસ્ત્રસેવા છે. શાસ્ત્રના-જ્ઞાનના સન્માનથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. તેમજ જ્ઞાન પ્રાપ્ત થતાં આત્મઘટમાં અદ્વિતીય સૂર્યનો પ્રકાશ પડે છે. પુસ્તકોને સારી રીતે સાચવવાં, પાનાં વારંવાર ઉથલાવવા, તેમજ જ્ઞાનના હરેક પ્રકારના સાધનોનું સન્માન કરવું એટલાથીજ શાસ્ત્ર સેવાની સમાપ્તિ થતી નથી, પરંતુ શાસ્ત્રાનુસાર વર્તન કરવા કટીબદ્ધ થવું અને પ્રતિદિન તેમાં પ્રયત્ન સેવવો એ સેવાનું કાર્યફળ છે. સુવર્ણની જેમ કષ, છેદ અને તાપાદિ પ્રયોગોવડે સત્શાસ્ત્રની પરીક્ષા પ્રથમપદે કરવી જોઇએ અને તેની નિર્દોષતા લક્ષમાં લેવી જોઇએ, તે પછી તેની આજ્ઞા પ્રમાણે કર્ત્તવ્યધર્મમાં તૈયાર થઇ સેવાનું આ તૃતીય અંગ પ્રાપ્ત કરવું જોઇએ. શુદ્ધ ધર્મોપદેશક અને શાસ્ત્ર સિવાય આત્મજાગૃતિનું કોઈ પણ પ્રબળ નિમિત્ત નથી. આવાં કારણોથી શાસ્ત્રસેવા એ મનુષ્યને પશુત્વ-અજ્ઞાનતામાંથી ઉદ્ધરી મનુષ્યત્વમાં સ્થિર કરે છે અને તેની આત્મભૂમિકા રસાળ કરી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવાના ચતુર્થ અંગ તરીકે સમાજસેવા અનુલક્ષાયછે. આ સેવાના અનેક દ્વારો છે; શાસ્ત્રરૂપ ચક્ષુવડે તે સર્વ દ્વારો દેખાય છે. જમાનાને અનુકૂળ શાસ્ત્રના નિયમથી અવિરૂદ્ધપણે સમાજને શું રૂચતું છે, સમાજ કઇ સ્થિતિમાં પતિત છે અથવા થશે, પતિત વર્ગનો ઉદ્ધાર કયા ગુણકારી પ્રયોગોવડે કરી શકાય-આવા વિચારોનું પરિશીલન સતત કરી મૈત્રીભાવનારૂપ શક્તિવડે સમાજ સેવાના જીવનમાં દાખલ થાય છે. કલેશ, ખટપટ, અસૂયા વિગેરે તિરસ્કરણીય પરિસ્થિતિઓથી સમાજનો હ્રાસ થતો કેવી રીતે અટકે અને તે કર્તવ્યમૂઢ નહીં બનતાં પારમાર્થિક વૃદ્ધિમાં કેવી રીતે આગળ વધે તેને માટે તેમનો સદા પ્રયાસ હોય છે. કોઇપણ પ્રસંગમાં અહિં કીર્તિ કે આભિમાનીકી લાલસાને અવકાશ હોતો જ નથી. આવા પ્રયાસો બની શકે તેવી રીતે ઉપદેશદ્વારા, ગ્રંથદ્વારા, પત્રદ્વારા માસિક કે વર્તમાન પત્રદ્વારા પ્રવાહિત થાય છે; અને સમાજને અજ્ઞાનાંધકારમાંથી ઢંઢોળી વિલક્ષણ અનુભવનું દર્શન કરાવી, સ્વરૂપનું ભાન કરાવે છે. કુટુંબસેવા, ગુરૂસેવા તેમજ શાસ્ત્રસેવાથી પછાત મનુષ્ય સમાજ સેવાનો દાવો કરે તો તે ધૂમાડાના બાચકા જેવું છે. ક્રમશઃ સેવાને હ્રદયમાં સ્થાન આપી વસ્તુસ્વરૂપને ઓળખી અભ્યાસવડે સમાજ સેવાના શુભ પરિણામ-ફળને અનુભવે છે અને કર્તવ્ય સિદ્ધ થાય છે.

સેવા સેવા એ શબ્દનું રટણ પ્રત્યેક પ્રસંગે થઇ રહ્યું છે. એવી સ્થિતિ પ્રાપ્ત થતાં આત્મસેવારૂપ પંચમ પરિસ્થિતિ અનુભવાય છે; સેવાના પૂર્વ અંગો તપાસતાં આ સેવાની પ્રાપ્તિ ઉપર મનુષ્યસુખની સફળતાનો આધાર છે. આ આત્મસેવા શ્રી પરમાત્માની ભક્તિરૂપ છે. મનુષ્યનો આત્મા મોટે ભાગે [1]ભાવુક દ્રવ્ય હોય છે; તેને શ્રી પ્રભુની ભક્તિ અસર કરે છે. અને ભેદ દૃષ્ટિ દૂર થતાં સેવ્ય સેવક ભાવ દૂર કરાવી 'જિનવર પૂજારે તે નિજ પૂજનારે' એ વાક્યને યથાર્થ કરે છે. આ આત્મસેવા પ્રકટ થયા પછી સર્વ દૃશ્યોમાં તે એક એવું અદ્દભુત તત્ત્વ જુએ છે કે જે આત્માને કાંઇને કાંઇ જાગૃતિ સમર્પતું હોય ! શુભ કે અશુભ, સુગંધિ કે દુર્ગંધમય, શુદ્ધ કે અશુદ્ધ સર્વ વસ્તુમાં આત્મ સેવાના અધિકારી આત્માને વિલક્ષણ તત્ત્વ અવબોધાય છે; અને તે એક એવી વિચિત્ર કળા સંપાદન કરે છે કે જેથી આત્મ સ્વતંત્રતાવડે તેની મનન શક્તિ બલવતી બને છે. અને પામર મનુષ્યોની માફક ક્ષણિક આવેગોને વશ કદાપિ થતો નથી. વસ્તુસ્થિતિ સમજતાં દ્વેષના તત્ત્વો દૂર થઇ અંતરાત્મપણું પ્રાપ્ત કરે છે; આ સેવાના ગાઢ સંસ્કારોનો પરિચય આત્મામાં સ્થૈર્ય ગુણને ટકાવી રાખે છે.

**सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः** એ શું સૂચવે છે ? તે સેવાધર્મની પ્રાપ્તિની કઠિનતા સૂચવે છે; જે આત્માઓ ભક્તિપરાયણ બન્યા હોય છે તેવા આત્માઓમાં જેવા પ્રકારની નમ્રતા, વિનય અને આજ્ઞાંકિતપણું વિગેરે ગુણોનું

---

૧ પારોનાસંયોગાનુસાર પરિણમન થતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકટ્ય હોય છે તેવું યોગસાધનામાં તત્પર થયેલા યોગીઓને પણ અપ્રાપ્ત હોય છે. કેમકે તેઓ ભકિતના રહસ્યનો અનુભવ કરતા હોતા નથી માત્ર પ્રાણાયામાદિની કષ્ટક્રિયા કરતા હોય છે. ત્યાગ કરવો-આત્મ સમર્પણ કરવું એ કાંઇ સહેલું કાર્ય નથી. તેથી ભર્તૃહરિએ ઠીકજ કહ્યું છે કે—

**स्वार्थो यस्य परार्थमेव स पुमानेकः सतामग्रणीः**

આમ હોઇ સ્વાર્થત્યાગ અથવા પરહિતચિંતા એ સેવા છે; આ નિર્ણયાત્મક સિદ્ધાંત છે. તેમાં પણ સમયને અનુસરી, પ્રસંગોનેસંભાળી, સંયોગોને સાચવી કાર્ય કરવામાં આવે તોજ ઇષ્ટ ફળ સંપાદન કરી શકાય છે. સમય વગરની સેવા એ અંધ ઉપાસના છે. સ્વાશ્રય અને નીતિથી આ સેવા જીવન વ્યતીત કરવું એ સરલ માર્ગ છે વારંવાર ગંભીર તત્ત્વોનું ચિંતવન કરવું, પ્રત્યેક શુભવિચારને આચારમાં મૂકવા, ઉદાર ચરિત મનુષ્યોનો સમાગમ કરવો અને કથાનુયોગના ઉત્તમચરિત્રોનું વાંચન એ સર્વ માર્ગો સેવાના હૃદયંગમ તત્ત્વને ઠીક ઠીક પુષ્ટિ આપે છે. સેવાનો પ્રધાન ઉદ્દેશ હૃદયમાં રસ પૂરી આત્માનું અખંડ જીવન બનાવવાનો છે.

મનુષ્યનું સર્વોત્તમહિત આત્મબળ ઉપર સંપૂર્ણ શ્રદ્ધાવાળા થવાથી જેવું સધાય છે તેવું કશાથી સધાતુ નથી; પોતાનું સઘળું કામ કરવા અને પોતાની સઘળી જરૂરીઆતો પૂરી પાડવા સર્વ પ્રકારે સમર્થ એવી એક સત્તા મનુષ્યના પોતાનામાંજ રહેલીછે. એ જાણવાથીજ મનુષ્યનું મોટામાં મોટું કલ્યાણ થાય છે. સેવાથી મીઠા મેવા મળે છે એ પ્રચલિત વાકય અક્ષરશઃ સત્ય છે.

સેવાનું સ્વરૂપ-જેમણે અખંડપણે સેવા બજાવી સ્વઅર્થ-પરમાર્થની પ્રાપ્તિ કરી છે તેવી કૃતકૃત્ય થયેલી વ્યકિતઓની તુલના-સેવાના અભંગ દ્વાર ખુલ્લા કરે છે અને કંઇક નવીન પ્રકાશ પાડે છે; **જગત્‌માં રહેલા પ્રત્યેક પદાર્થને શુદ્ધ સ્વરૂપમાં જાણવું એ તેની ખરેખરી સેવા છે.**

આ પ્રસંગે સ્મરણ કરવાની જરૂર જણાય છે કે સેવાધર્મનું અદ્વિતીયપણે પાલન કરનાર ધર્મ પ્રચારક વ્યકિતઓના કાર્ય તરફ ઉહાપોહ કરતાં પ્રોફેસર **આનંદશંકર બાપુભાઇ ધ્રુવ**જેવા વિદ્વાન્ પુરૂષ વસંત પુસ્તક ૧૩ ના અંક ૫ માં લખે છે કે 'બોધિ[1]સત્વનું જીવન અર્હન્ કરતાં વિશેષ સ્પૃહણીય અને વંદનીય છે' વિશિષ્ટ પ્રકારના અનુભવના અભાવથી આમ લખવામાં એમના જેવા વિદ્વાન્ ભુલે એમાં નવાઇ નથી. અર્હન્ મહાવીરે મેઘ કુમારાદિ રાજકુમારોને, ગૌતમાદિ અન્ય-તીર્થીઓને, તેમજ ચંડકૌશિક સર્પ આદિ અનેક વ્યકિતઓને આ સંસાર સમુદ્રથી તારી ચિરકાળ પર્યંત ઉદ્ધરેલા છે. એમની કલ્યાણ-ભાવના એમના જન્મ પૂર્વેના ત્રીજા ભવમાં ઉદ્‌ભવી હતી જે ફુલીફાલીને તીર્થંકરના જન્મમાં વૃક્ષરૂપે પ્રાદુર્ભૂત

[1] બૌદ્ધ ધર્મના પ્રચારક સાત્વિક પુરૂષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ હતી. ખાસ કરીને તીર્થંકર નામ કર્મનો સ્વભાવજ એવો છે કે પ્રાણીઓને ઉપદેશ આપી આ સંસાર સમુદ્રથી તારવા અને એ દ્વારા એ કર્મની નિર્જરા કરવી આમ હોઈ બુદ્ધ અને અર્હન્ વચ્ચે ઉભય તત્ત્વોની સેવા–ભાવનાના અનેક પ્રસંગો છે જે એમના ચરિત્રો અચ્છી સમીક્ષા આપી શકે છે. તેથી બોધિસત્ત્વની કલ્યાણ ભાવના અર્હન્ કરતાં સવિશેષ હતી એવો નિર્ણય ચોક્કસ અનુભવ પછીજ મૂકવો વાસ્તવિક હોય છે.

સેવાનું સત્ય સ્વરૂપ સમજાતાં વૃત્તિઓ વિશાળ બને છે અને શ્રીયુત Wesley કહે છે તેમ,

*Do* all the good you can as long as ever you can

સર્વ પ્રાણીઓ તરફ તેમના હિતમાં શુદ્ધદૃષ્ટિ દોરાય છે, આથી હરેક પ્રકારે સ્વાર્થાંધતા દૂર કરી વિશ્વના વિશાળ તત્ત્વનું સૂક્ષ્મ અવલોકન કરી યથાશક્તિ લોકકલ્યાણ ભાવનામાં અનુક્રમે પરાયણ બની ભક્તિ અથવા સેવાના અચિંત્ય સ્વરૂપને પ્રાપ્ત કરવા સતત અભિલાષા સેવવી એ આ ઉચિત પ્રસંગે સૂચવી અત્ર વિરમવામાં આવે છે.

શા. ફતેચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

## आत्मजागृति उपदेश पद–अनुवाद.

(હારગીત.)

જલ બિંદુઓ ઝરતાં યથા કરપુટ થકી તું જાણજે,
આયુષ્ય તેમ ક્ષણે ક્ષણે ઓછું થતું અવલોકજે;
કાળના વિજ્ઞાપકો એમ સૂચવે ઘટિકા રવે,
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ! શા માટે સૂવે?

\+ \+ \+

શું રાય રાણા ચક્રવર્તી મૃત્યુના હિસાબમાં,
ચાલતા નાગેંદ્ર ચંદ્ર મુનીંદ્ર કાળ પ્રવાહમાં;
ભમતાં ભવોદધિ બેસી લે પ્રભુ ભક્તિ નાવ વિષે હવે,
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ! શા માટે સૂવે?

\+ \+ \+

ઢીલ શાની! ભાઈ ભવનો પાર જલદી પામવા,
ચૈતન્ય મૂર્તિ દેવમાં અધ્યાત્મ રંગ જમાવવા;
ધ્યાનધર આનંદઘન નિર્મલ નિરંજન જે કવે,
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ! શા માટે સૂવે?

success.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ ॥

## ॥ श्री पार्श्वजीन दर्शन न्हावना ॥

## स्तवन:

રાગ—( થઈ પ્રેમ વશ પાતળીયા )

પ્રતિમા પારસ પર વારી ( ૨ ) ભવ દુઃખહર સુખ કરનારી રે........પ્રતિમા ટેક
મૂર્તિ દેખી નિર્દોષ તમારી નયનો સફળ થઇ મારી ( ૨ )
અદ્ભુત શુભ ગુણની ક્યારી [ ૨ ] ભવ દુઃખહર સુખ કરનારી રે...પ્રતિમા ૨
પદ્માશન મુદ્રા મેં નિહાળી શાન્ત સુધારસ ભારી [ ૨ ]
શું શોભે મન હરનારી [ ૨ ] ભવ દુઃખહર સુખ કરનારી રે.........પ્રતિમા ૨
ઉપગારી પ્રભુ પાર્શ્વજીનેશ્વર રાખો લાજ આ મ્હારી ( ૨ )
આવ્યો છું શરણુ તમારી [ ૨ ] ભવ દુઃખહર સુખ કરનારી રે......પ્રતિમા ૩
ભ્રમણતા મૂજ ભવની નિવારી દર્શ દયાળુ આલી ( ૨ )
અજ્ઞાન તિમિર દો ટાલી [ ૨ ] ભવ દુઃખહર સુખ કરનારી રે........પ્રતિમા ૪
જીન પ્રતિમા જીનવર સમ માની ભક્તિ ભાવે શુભ કરવી ( ૧ )
વરમાળા મુક્તિની વરવી ( ૨ ) ભવ દુઃખહર સુખ કરનારી રે......પ્રતિમા ૫
ધન્ય ભાગ્ય મુજ સફળ દેહી રે સફળ સેવક જીંદગાની [ ૨ ]
આતમ લક્ષ્મી મન માની ( ૨ ) ભવ દુઃખહર સુખ કરનારી રે......પ્રતિમા ૬

# વર્તમાન સમાચાર.

## ડૉકટર નાનાલાલ મગનલાલનું ભાવનગરમાં આગમન.

વિલાયત જઇ ચાર વર્ષ અથાગ મહેનત કરી *I. M. S.* ની ઉંચી ડાકટરી પરિક્ષા પસાર કરી પોતાના વતન ભાવનગરમાં ગયા માસમાં મી. નાનાલાલ આવ્યા હતા. તેઓના માનમાં તેઓના મિત્રો તરફથી એક ચા પાર્ટીનો મેળાવડો આ સભાના આત્માનંદ ભવનવાળા મકાનમાં કરવામાં આવ્યો હતો. તેઓએ તે વખતે વીલાયતની કેટલીક હકીકતો સાથે ત્યાં જનાર પોતાનો ધર્મ સાચવવા ધારે તો સાચવી શકે તેવું છે વીગેરે બીના જણાવી હતી. મી. કુંવરજીભાઇ આણંદજી એપણ મી. નાનાલાલના વખાણ કરવા સાથે પ્રદેશગમન એ શાસ્ત્ર વિરૂદ્ધ નથી પણ તેની જરૂરીયાત છે એમ સિદ્ધ કરી આપ્યું હતું. પ્રદેશગમનની બાબતમાં જુના અને આગ્રહી વિચારના માણસોના વિચારો હવે બદલાતા જાય છે તે જાણી ખુશી થવા જેવું છે. જયારે આગ્રહી માણસો સમજીને પોતાનો આગ્રહ નહીં છોડે તો છેવટે જમાનો તેઓના તે વિચારોને સુધરાવશી–ફેરફાર કરાવશેજ.

## મુનિ ઉપદેશથી થતા લાભો.

ઇડર જીલ્લામાં આવેલા જિનાલયોમાં ચક્ષુઓની ખામી ઘણી જોવામાં આવતી હતી, જે નાબુદ કરવા મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે શેઠ આણંદજી કલ્યાણજીને લખી જણાવતા કમીટીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક હજાર રૂપૈયાના ચક્ષુ તે જિલ્લાના દેરાસરોમાં ચડાવવા માણસો મોકલ્યા, જે ઇડર જીલ્લામાં પાંચ તપાગચ્છ અને એક ખરતર ગચ્છના મળી છ દેરાસરોમાં ચડાવ્યા અને આજુબાજુના ગામમાં પણ કામ શરૂ થયું છે. તેવીજ રીતે મુંબઇના સંઘને મુનિરાજશ્રી વલ્લભવિજયજી દ્વારા ડુંગરપર વગેરે ગામના દેરાસરો માટે ખબર આપતાં રતલામ ડુંગરસીભાઇ ઉપર ચક્ષુ મોકલવામાં આવ્યાં જેમાંથી સાગવાડા વગેરે સાત ગામોમાં ચડાવવમાં આવ્યા છે.

મુનિ મહારાજાઓના વિહારથી જ્ઞાનોપદેશના લાભ સાથે જિનાલયોની સ્થિતિનું પણ કાંઇ ભાન થાય છે. તેવા મારવાડ વગેરેમાં અનેક સ્થળે દેરાસરો જીર્ણ સ્થિતિ, અપૂજ સ્થિતિ અને અવ્યવસ્થામાં છે. નવા દેરાસરો કરાવવામાં જે પુણ્ય હાંસલ છે તે કરતાં જીર્ણોદ્ધારમાં ઓછું પુણ્ય નથી જેથી હાલમાં તે પ્રવૃત્તિની વિશેષ જરૂર છે. (મળેલું.)

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય–મુંબઇને મદદ.

| | | |
|---|---|---|
| અગાઉ ભરાયેલા | રૂા. | ૬૪૨૭) |
| એક સદ્ગૃહસ્થ | રૂા. | ૫૧) |
| શેઠ છગનલાલ અમરશી | રૂા. | ૫૧) |
| શેઠ લાલચંદ ખુશાલચંદ | રૂા. | ૫૧) |
| શેઠ શોભાગચંદ કપુરચંદ | રૂા. | ૫૧) |
| શેઠ આતમચંદ હીરજી | રૂા. | ૫૧) |
| શેઠ નરોતમદાસ જગજીવન | રૂા. | ૧૦૧) |
| શેઠ મોતીચંદ દેવચંદ | રૂા. | ૧૫૧) |
| શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીયા સોલીસીટર | રૂા. | ૨૦૧) |
| શેઠ જીવણચંદ લલુભાઇની કું. | રૂા. | ૨૦૧) |
| શેઠ લલુભાઈ નથુચંદ | | |
| ઝવેરી મણીલાલ સુરજમલની કું. | રૂા. | ૫૧) |
| શેઠ શવચંદ કચરાભાઇ | રૂા. | ૫૧) |
| ,, કેશવજી માણેકચંદ | રૂા. | ૫૧) |
| ,, પ્રેમજી નાગરદાસ | રૂા. | ૫૧) |
| ,, રામચંદ હરગોવિંદ | રૂા. | ૫૧) |
| ,, પ્રેમચંદ મગનચંદ | રૂા. | ૫૧) |
| | કુલ રૂા. | ૭૬૯૩) |

# ગ્રંથાવલોકન.

## સ્તોત્ર રત્નાકર ભાગ ૨ જો.

આ ગ્રંથ શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળા—મ્હેસાણા તરફથી અમોને ભેટ મળેલો છે. જુદાં જુદાં રસિક–અધ્યાત્મિક સ્તોત્રોનો તેમાં સંગ્રહ કરેલો છે. તેમાં કેટલાક તો ચમત્કારિક અને વાંચકને આલ્હાદ ઉત્પન્ન કરે તેવા છે સંસ્કૃતના શરૂઆતના અભ્યાસી મુનિ મહારાજા વગેરેને ખાસ ઉપયોગી છે. છાપ પણ ઘણી ઉત્તમ છે. ખરીદનારને માત્ર સસ્તી કિંમતે ૯ આનામાં આપવામાં આવે છે. અમો તેઓના આ કાર્યની અભિવૃદ્ધિ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડનો ત્રીજો વાર્ષિક રીપોર્ટ.

માંસાહારના નિષેધ સંબંધી સાહીત્ય દ્વારાએ અથવા બીજી રીતે ઉપદેશ આપવાને મુંબઇમાં છેલ્લાં ત્રણ ચાર વર્ષથી શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ નામની એક સંસ્થા ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદે ઉઘાડી છે. આ સંસ્થાનો ઉદ્દેશ હિંદુસ્તાનમાં પ્રતિ વર્ષે અસંખ્ય નિર્દોષ મુંગા પ્રાણીયોની કતલ થાય છે. તેઓને બચાવવા, તેમની સંખ્યામાં ઘટાડો થવા ન પામે તેવા પ્રયત્નો કરવાનો છે. આ પવિત્ર હિંદ ભૂમીમાં પ્રતિ વર્ષે અસંખ્ય નિર્દોષ જીવોની કતલ થાય છે તેનો અટકાવ કરવા દયાળુ ધર્માત્મા પુરૂષો જુદી જુદી રીતે પ્રયત્નો કરતા આવ્યા છે અને કરે છે, છતાં પૈસાના વ્યયના પ્રમાણમાં તેનો જોઇએ તેટલો થઇ અટકાવ થઈ શકયો નથી એનો વિચાર કરીને આ સંસ્થાએ જુદી જ રીતે કામ કરવાનું હાથ ધર્યું છે.

માંસાહારથી થતા ગેરફાયદા, ખર્ચ અને તન્દુરસ્તીના સંબંધની માહીતી સાથે ફળાહારથી થતા ફાયદા, ખર્ચ અને તંદુરસ્તી વિષે ધ્યાન આપવામાં ન આવે અને તેમના હૃદયમાં બરાબર ઠસાવવામાં ન આવે ત્યાં સુધી જીવહિંસાનો અટકાવ થવો ઘણો મુશ્કેલ છે. જેઓ થોડી ઘણી કેળવણી પામેલા છે તેઓતો પુસ્તક કે હેન્ડબીલ અથવા ભાષણો દ્વારા જીવહિંસાથી થતા ફાયદા–ગેરફાયદા સમજી શકે, જેના પરિશ્રમે કેટલેક અંશે નિર્દોષ જીવોની કતલ થતી અટકે, પરંતુ જેઓ તદ્દન અજ્ઞાની અને વ્હેમી છે અને જેમના હાથે ખોરાક અને દેવીના ભોગના નિમિતે પ્રતિ વર્ષે અસંખ્ય જીવોનો કચરઘાણ કાઢવામાં આવે છે તેઓને સમજાવવા ઘણા મુશ્કેલ છે, તો પણ તેઓ દ્વારાએ થતી જીવહિંસાનો અટકાવ કરવો ઘણો સહેલો છે. માંસાહારી દેશનાજ લોકોના વર્ગમાં માંસાહારથી થતા ગેરલાભને ચોપડી, ચોપાનીયામાં અને હેન્ડબીલમાં છપાવી વહેંચવામાં આવે છે જે ઘણું મહત્વનું કાર્ય છે. આ સંસ્થા જે ઉત્સાહથી કામ કરે છે તેવાજ ઉત્સાહથી કામ લે તો માંસાહારનો અટકાવ થવા પામે, જેના પરિણામે આ દેશની આર્થીક સ્થીતિમાં પણ સુધારો થાય, કારણ કે આ દેશનો મુખ્ય આધાર ખેતીવાડી પર છે. આ મંડળના પ્રયાસથી રજવાડામાં પણ થતી હિંસાઓ બંધ થઇ છે.

આ ફંડમાં આ રીપોર્ટ વાળા [ત્રીજા] વર્ષમાં રૂ. ૯૪૬૮–૧૩–૮ ની ઉપજ થયેલી છે જ્યારે ખર્ચ રૂ. ૭૬૨૯–૫–૩ નો થયો છે. જે જે ગૃહસ્થોએ આ ફંડમાં ઉદારતા બતાવી છે તેણે મહદ્ પુણ્ય ઉપાર્જન કર્યું છે હજી પણ આ મંડળ દરેક કામ તરફથી મદદને પાત્ર છે, અને તેના કાર્યના ઉત્તેજન માટે હજી પણ વધુ પૈસાની જરૂર છે. અમો તેની વ્યવસ્થા, યોજના, અને કાર્યવાહી જોઇ આનંદ પામીએ છીએ અને તેના કાર્યવાહકને ધન્યવાદ આપીએ છીએ. અને આ ફંડમાં દરેક મનુષ્યને મદદ આપવા સુચના કરીએ છીએ.

## જાહેરખબર.

સારી સ્થિતિમાં ચાલતી અને ખાત્રીવાળી સભાઓ, પાઠશાળા, કન્યાશાળા, લાઇબ્રેરી, ભંડારો અને મુનિ મહારાજોને વિનંતિ કરવામાં આવે છે કે, શેઠ રતનજી વીરજીના તરફથી ઉપદેશમાળા, અભક્ષ્ય અનંતકાય, જૈન તત્ત્વ પ્રવેશિકા, પુષ્પમાળા, સુમતિચંદ્ર, ભક્તિભાવના પ્રકાશ અને સ્તુતિ કલ્પલતા એ ગ્રંથો ભેટ આપવાના છે. જોઇએ તેમણે અમોને અથવા "શેઠપ્રેમચંદ રતનજી ભાવનગર" એ સરનામે લખવાથી પેસ્ટેજ પુરતા પૈસાથી વી૦પી૦ કરી મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત શેઠ રતનજી વીરજીનો સ્વર્ગવાસ.

પ્રથમ વાલુકડ અને હાલમાં ભાવનગર નિવાસી ઉક્ત શ્રીમાન્ ગૃહસ્થ ત્રેપન વર્ષની વયે લાંબી માંદગી ભોગવી ગયા અષાડ વદ ૮ બુધવારના રોજ દિવસના ત્રણ કલાકે શહેર ભાવનગરમાં પંચત્વ પામ્યા છે. તેઓ આ શહેરની જૈન કોમના અગ્રગણ્ય પુરૂષ હતા. સ્વભાવે સરલ, શાંત અને ધર્મચુસ્ત હતા. ધર્મના દરેક કાર્યમાં તેઓ દરેક પ્રકારની સહાય આપતા, એટલુંજ નહિ પરંતુ જાતિભેદ, ધર્મભેદ સિવાય પણ અન્યને અનેક પ્રકારની સહાય આપતા હતા એટલે કે ખરેખર એક દાનવીર રત્ન હતા.

દેવગુરૂની અપૂર્વ ભકિત અને ગરીબ ઉપરની અનુકંપા તે તેના ઊંચામાં ઉંચા ગુણો હતા. જેથી તેઓ જૈનકુલભુષણરૂપ હતા. પોતાના સરલ અને શાંત સ્વભાવની છાપ અત્રેના સંઘમાં, તેમની જ્ઞાતિમાં અને ભાવનગરના મહાજન મંડળમાં પોતાની છેલી જીંદગી સુધી ખાસ પાડેલી હતી. સમુદાયના ખેંચતાણ, સમજ ફેર કે મમત્વના પ્રસંગોએ પોતે દૂર ખસી જઇ સુલેહ સાચવવા, સામાવાની કરવા તનમન અને ધનનો ઉપયોગ કરતા હતા; જેને લઇ અત્રેના સંઘમાં, તેમની જ્ઞાતમાં અને ભાવનગરની સમગ્ર પ્રજામાં અને ભારત વર્ષિય જૈન સમુદાયમાં એક ખરેખર લાયક નરરત્નની ખોટ પડી છે.

શ્રીમંતાઇમાં જન્મેલ છતાં એક સાદામાં સાદી જીંદગી ભોગવી હતી, તેટલુંજ નહિ પરંતુ અનેક કાર્યોમાં પુષ્કળ દ્રવ્ય ખર્ચી, ઉદાર હાથ લંબાવી, જાહેર સખાવતો કરી મનુષ્ય જન્મનું સાર્થક કર્યું હતું. તેઓની ઉદારતા ખરેખર આ શહેરની જૈન અને ઇતર પ્રજામાં નમુનારૂપ—અનુકરણીય હતી. તેઓની જીંદગી વધારે વખત લંબાણી હત તો તેઓનાથી સમુદાયને વધારે લાભ થાત તે તેમણે કરેલા ઉત્તમ કાર્યોનો ચોકસ પુરાવો છે; પરંતુ ભવિતવ્યતા બળવાન હોઇ મનુષ્ય માત્રનું તેની પાસે કાંઇ પણ ચાલતું નથી.

તેઓની આ સભા ઉપર પ્રથમથી લાગણી હતી. પાછળથી તેમાં ઉમેરો થયો હતો. તેમનો સ્વર્ગવાસ થતાં આ સભા પણ અંતઃકરણપૂર્વક પોતાની દીલગીરી જાહેર કરે છે અને તેઓના સુપુત્રોને અને કુટુંબને દિલાસો આપે છે. તેમના સુપુત્રો તેમના સ્વર્ગવાસી પિતાને પગલે ચાલી તેમના કરેલા ઉત્તમ કાર્યો નીભાવી, ચલાવી તેમાં અને બીજા શુભ કાર્યોનો વધારો કરશે એટલી સુચના કરીએ છીએ. છેવટે તે સ્વર્ગવાસી સરલ, ધર્મિષ્ઠ, અને પવિત્ર આત્માને અખંડ શાંતિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only